ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૯ ૧ જૂન-૨૦૧૭ પાના-૧૬ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી : મોક્ષ હથેળીમાં છે

અનંતકાળમાં સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્ગુરુત્વ, સત્સંગ અને સત્કથા એ રહ્યા છે.) મળ્યા નથી, નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે અને સર્વશાસ્ત્ર સંમત છે.

તત્વજ્ઞાનીઓના વચન છે કે આત્મા માત્ર સ્વ સ્વભાવમાં આવવો જોઈએ અને તે આવ્યો તો મોક્ષ હથેળીમાં જ છે. મોક્ષમાળા. ....... શિ.પા.૪૩

- વાસ્તવિક સુખ જો જગતની દ્રષ્ટિમાં આવ્યું હોત તો જ્ઞાનીપુરુષોએ નિયત કરેલું એવું મોક્ષ સ્થાન ઊર્ધ્વલોકમાં હોત નહીં, પણ આ જગત જ મોક્ષ હોત.
- બીજું કાંઈ શોધમાં, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણ કમળમાં સર્વભાવ અર્પણ કરી વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.
- તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષ ને પામે.
- બે ઘડી પુરુષાર્થ કરે તો કેવળજ્ઞાન થાય.
- સ્વભાવ દશા શો ગુણ આપે ? તથારૂપ સંપૂર્ણ હોય તો મોક્ષ થાય. ભ્રાંતિ જાય તો તરત સમ્યકત્વ થાય. બાહુબલીને જેમ કેવળ જ્ઞાન પાસે -અંતરમાં હતું કાંઈ બહાર નહોતું.
- મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષ શબ્દની વ્યાખ્યા છે.
- ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષ પાટણ સુલભ જ છે.
- આત્મા અત્યંત પ્રત્યક્ષ છે, એવો પરમ પુરુષે કરેલો નિશ્ચય તે પણ અત્યંત પ્રત્યક્ષ છે.

ફરીફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી અને તે સમજવું પણ કંઈ વિકટ નથી. કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે અને તે કાંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે ગોપવે કે ન જણાવે. પોતાથી પોતાને ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે ?

પંચમકાળ, આયુષ્યની, ભવસ્થિતિની, દેહદુર્બળતાની વાત ક્યારેય મનમાં લાવવી નહી અને સાંભળવી પણ નહીં. તથારૂપ મહાત્માના એક આર્યવચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત મોક્ષ થાય એમ શ્રીમાન તીર્થંકર કહ્યું છે તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઈએ.

સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે. કોઈપણ તથારૂપ જોગને પામીને જીવ જો એક ક્ષણ પણ અંતર્ભેદ જાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

જે જે કારણ બંધના, તેહ બંધનો પથ
તે કારણ છેદક દશા મોક્ષ પંથ ભવ અંત

જીવને સમજાય તો સમજવા પછીથી બહુ સુગમ છે, પણ સમજવા સારું જીવે આજ સુધી ખરેખરો લક્ષ આપ્યો નથી. સ્વરૂપ સહજમાં છે, જ્ઞાનીના ચરણ સેવન વિના અનંતકાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે.

મોક્ષમાર્ગ અગમ્ય તેમજ સરળ છે.

શિથિલતા ઘટવાનો ઉપાય જીવ જો કરે તો સુગમ છે.

'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે અને એ જ જીવનો મોહ છે. સત્ સત્ જ છે, સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે. પણ સત્ ને બતાવનાર 'સત્' જોઈએ.

માર્ગ સરળ છે. પ્રાપ્તિ દુર્લભ છે.

કઠણ વાત છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુના માટે અહિતકારી છે, અને છોડી દેવા યોગ્ય છે.

કઠણ નથી. કઠણ છતાં પણ કઠણ નથી.

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

# ઓશોવાણી

નમસ્કાર મંત્રનું ભાષાંતર ઓશોના શબ્દોમાં

"હું અરિહંતોને શરણે જાઉં છું. પ્રણામ કરું છું, 'અરિહંત' એક એવી વ્યક્તિ જે પરમ સત્યને પામી ચૂકી છે પરંતુ કોઈની પરવા કરતી નથી. જે પોતાના ઘરે પહોંચી ચૂકી છે અને જેણે આ દુનિયા તરફ પોતાની પીઠ ફેરવી દીધી છે, જે કોઈ ધર્મની રચના કરતા નથી. જે કોઈ ઉપદેશ પણ આપતો નથી. જે કોઈ ઘોષણા પણ કરતા નથી. બેશક તેને સર્વ પ્રથમ યાદ કરવા જોઈએ. પ્રથમ સ્મરણ એ તમામ લોકોનું જેઓ જાણી ચૂક્યા છે, અને મૌન છે. પ્રથમ આદર શબ્દો માટે નથી પણ મૌન માટે છે. બીજાની સેવા કરવા પ્રત્યે નથી પણ સ્વયં પોતાની જાતને પામવા પ્રત્યે છે. વ્યક્તિ અન્ય લોકોની સેવા કરે છે કે નહિ તે મહત્વનું નથી, એ દ્વિતીય છે, પ્રાથમિક નથી. પ્રાથમિક વાત એ છે કે, એ પોતાની જાતને પામી ચૂકી છે, અને આ દુનિયામાં પોતાની જાતને જાણવી એ ખૂબ જ મૂશ્કેલ છે.

હું, એક પણ હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌધ્ધ-મહાત્માને મળ્યો નથી જેને ખરેખર વિદ્રોહી આત્મા કહી શકાય. જ્યાં સુધી વ્યક્તિ વિદ્રોહી નથી ત્યાં સુધી એ ધાર્મિક નથી. વિદ્રોહ એ સ્વયં ધર્મની આધાર શીલા છે.

ખરેખર સાચા સવાલનો કોઈ જવાબ હોઈ શકે જ નહીં. અને હું ઘોષણા કરું છું કે કોઈપણ સાચા સવાલનો જવાબ ક્યારેય મળશે નહીં, કારણ કે તમે જ્યારે સાચા સવાલ પર આવો છો ત્યારે તેનો એક માત્ર જવાબ હોય છે, મૌન. પંડિત મૌન નહીં, પણ તમારી અંદર વિકસતું મૌન, બીજાઓનું નહીં, તમારું પોતાનું મૌન એ સિવાય બીજો કોઈ જવાબ હોઈ શકે નહીં અને તમારી અંદર વિકસતું એ મૌન એ તમારો અને તમારા મૌનમાં પ્રેમથી ભળી જતા લોકોનો જવાબ છે. અન્યથા એ તમારા સિવાય બીજા કોઈનો જવાબ નથી. અરિહંત અને અર્હત જેવા લોકો હતા, પરંતુ તેમને જવાબો મળી ગયા છતાં તેઓ ક્યારેય દાવો કરી શક્યા નહોતા અને જ્યાં સુધી તમે છાપરે ચડીને દાવો કરી શકો છો, ત્યાં સુધી તમારા જવાબનું કોઈ મૂલ્ય નથી. એ કેવળ ભીડ સામે એક વ્યક્તિએ આપેલો જવાબ છે, જ્યાં દરેક વ્યક્તિને અનેક સવાલો છે અરિહંત મૃત્યુ પામે છે કે તરત તેમનું મૌન પણ મૃત્યુ પામે છે. તે પાણી પર લખેલા અક્ષરની જેમ ભૂંસાઈ જાય છે. સાચા ગુરૂ કેવળ જાણતા જ નથી, પરંતુ લાખો લોકોને જાણવામાં મદદરૂપ થાય છે તેમનું જ્ઞાન અંગત નથી. જે કોઈપણ તે મેળવવા ઈચ્છે છે તેમને માટે એ ખુલ્લું છે. જ્યાં સુધી વ્યક્તિ, દરેકે દરેકને સતત સતત અને પૂરી તીવ્રતા સાથે પૂછતી રહેતી નથી, ત્યાં સુધી તેને માટે પોતાની જાતને પૂછવું અઘરૂ રહે છે. જ્યારે વ્યક્તિ પ્રત્યેક દ્વારમાંથી પાછી ફેંકાય છે, જ્યારે બધા જ દરવાજા વ્યક્તિ સામે બંધ છે, ત્યારે વ્યક્તિ પોતાની અંદર તરફ વળે છે અને ત્યાં જવાબ છે. એ લેખિત જવાબ નથી. તમને ત્યાં બાઈબલ, તોરાદ, કુરાન, ગીતા, તાઓ તેકિંગ કે ધમ્મપદ નહીં મળે. ના-તમને ત્યાં કશું જ લેખિત મળશે નહીં. તમને ત્યાં કોઈ વ્યક્તિ પણ મળશે નહીં ના, તમે ત્યાં કોઈને પણ પામશો નહીં. તમને જે મળશે તે અનહદ, છલોછલ મૌન હશે, એટલું પ્રગાઢ મૌન હશે, કે વ્યક્તિ તેને સ્પર્શી શકે. એ મૌન......એક સુંદર સ્ત્રી જેવું હશે. તમે એક સુંદર સ્ત્રીની જેમ તેનો અનુભવ કરી શકશો અને તે કેવળ મૌન છે, પરંતુ અત્યંત સ્પર્શ ગ્રાહ્ય છે.

**- 'ઝલક બાળપણની-ઓશો' પુસ્તકમાંથી આભાર.**

**અસ્તિત્વ કેટલો બધો આપણો ખ્યાલ રાખે છે ખરૂંને ? Thanks to Nature અને અમારી અને આપ સૌ વાંચકો વતી આભાર માનીએ શાંતીભાઈ ગડાનો અને શીખાબેનનો કે આ ગોરક્ષાપાત્ર માસિક અને વેબસાઈટ www.gorakshapatra.org ના માધ્યમે આપણે દર મહિને મળતા રહીશું. સહુને વિનંતિ છે કે ફોન કરવો નહિ. કરવાની જરૂર જ લાગે તો ૯૩૨૩૪૧૨૪૭૧ પર શાંતિભાઈ ગડાને ફોન કરવો. અમને SMS કે પત્ર દ્વારા મળી શકશો. રમેશભાઈ દોશી-મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેંદ્ર, પો. ચિંચણી Chinchni -401503**

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી : મોક્ષ હથેળીમાં છે. | | ૧ |
| ઓશોવાણી | | ૨ |
| તંત્રી સ્થાનેથી : મૌનનો મંગલ ધ્વનિ | | ૩ |
| એ સકળ સમાજ માટેનું સાફલ્યટાણું હતુ | - રમેશ ઓઝા | ૪ |
| તારો મુશ્કેલ સમય પૂરો થયો છે, ફુટબૉલ કલબ | | ૫ |
| ક્યારેક નિષ્કર્મ પણ સત્કર્મ બની શકે. | - પ્રણવ પંડયા | ૬ |
| ભારતીય ગોવંશ..... | - મેનકા ગાંધી | ૭ |
| વિકાસના નામે ફરી ગાય ફાંસીને માંચડે | | ૮ |
| આ દાડમની સુવાસ છેક દિલ્હી પહોંચી | - સુનીલ મેવાડા | ૯ |
| મૃત્યુ અને તમારો સ્વભાવ, વિનય ધર્મ, | | ૧૦ |
| કલ્યાણ મિત્ર, કલામનું ઉદાહરણ | | ૧૦ |
| સાચા ગુરુ...... | - મકરંદ દવે | ૧૧ |
| સંત કવિયત્રી ભૂરીબાઈ | - અનિલ જોશી | ૧૨ |
| આપણે તો આર્ય છીએ | - ડો. કૌશિક ચૌધરી | ૧૩ |
| આજની શિક્ષણ પ્રથા, એક અનોખા લગ્ન, | | ૧૪ |
| મૂલ્યાંકન વિવેકબુદ્ધિથી કરીએ | - રાજુ અંધારિયા | ૧૪ |
| લવાજમ મળેલ છે. | | ૧૫ |
| બોધકથા....... ભગવાનની યોજના | - દિનેશ કાનાણી | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

## મૌનનો મંગલ ધ્વનિ - ૧૧.૦૯.૨૦૧૩

૧. સજ્જન પુરૂષોના શબ્દોમાં અવિશ્વાસ એ જ મહાન શત્રુ છે. - ત્રિપુરા રહસ્ય
૨. હે રામ, કલ્યાણનું પરમ સાધન તો સત્સંગ છે. માટે કલ્યાણની ઈચ્છા હોય તો સત્પુરૂષોનું શરણ લો - એજન્
૩. ભરેલા ઘડામાં ગંગાજળ નાંખવા ઈશ્વર પણ સમર્થ નથી - ગાંધીજી
૪. ગાવો વિશ્વસ્ય માતરમ્
૫. સર્વ જીવ છે સિધ્ધસમ, જે સમજે તે થાય - શ્રીમદ્ રાજચંદ્રજી

''આ પંચશીલ છે મુક્તિ મહેલની ચાવી-
તાળુ ઉઘાડોને રામરાજ્યમાં પ્રવેશ કરો.''

૧૧ સપ્ટેમ્બર - ૧૮૯૩ આ મંગલ દિને શિકાગો ધર્મસભામાં પૂજ્ય સ્વામી વિવેકાનંદજીએ ભારતનો વિજય ધ્વજ લહેરાવેલો એ જ મંગલ દિને ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૩ ના આપણે રામરાજ્યનો શીલારોપણ કરીએ છીએ.

લિ. રામ રાજ્યમાં રહેતા અને સહુને રામરાજ્ય મળે એવી મંગળ પ્રાર્થના, ભાવના ભાવતા શ્રીમદ્ રાજચંદ્રજીના શિષ્ય નિમિત્ત માત્ર, મૌની સાધકના રેવાતટેથી પ્રેમપૂર્વક નમસ્કાર સહ ''મિચ્છામિદુક્કડમ્'' જય જગત

**સાધક:- રમેશભાઈ દોશી, મુ.પો. રણાપુર,**
**તા. કરજણ,જિ. વડોદરા-૩૯૧૨૫૦**

નર્મદા કિનારે ૨૦ મહિનાનો સ્થિર વાસ થયેલ ત્યારે આ મૌનનો મંગલ ધ્વનિ લખાયેલ અને કેટલાક મિત્રોને મોકલેલ પણ ખરો.

૧૯૯૭ ના ચાર્તુમાસ મૌનમાં અંતર અવાજ હતો. ''કશું જ ન કરવુ અને મૌન રહેવું'' પણ એનો અમલ વીસ વરસ પછી થઈ રહ્યો છે. ૧.૪.૧૭ થી મૌન ચાલુ કરવાનું વિચારેલ, પછી અખાત્રીજ પછી ૧.૫.૧૭ એમ નિર્ણય લંબાતો ગયો પણ આખરે બુધ્ધ પૂર્ણિમા ૧૦.૫.૧૭ થી આ પ્રયોગ શરૂ થયો છે.

૧૯૮૪/૮૫ ના એક વરસના મૌનથી આ સાધના યાત્રા શરૂ થઈ છે. ગુરુકૃપાંના અમે પરમ લાભાર્થી રહ્યા છીએ. એટલે પ્રાય: કેટલાય પ્રયોગો થયા પણ વિના વિઘ્ને આ યાત્રા હજી સુધી ચાલી રહી છે. વ્યક્તિગત મોક્ષ તો ગુરૂકૃપાથી મળશે જ પણ અમે જે આનંદ સુખ ભોગવી રહ્યા છે એ સહુને મળે અને એ તો વિશ્વશાંતિ થાય તો જ મળે અને વિશ્વશાંતિના અર્થે જ યાત્રા પ્રયોગો થયા અને થઈ રહ્યા છે.

નિસર્ગ-કુદરત-અસ્તિત્વની એક અદ્ભૂત વ્યવસ્થાનો આ યાત્રામાં સતત અવાર નવાર અનુભવ થતો રહ્યો છે. અસ્તિત્વ આપણા અંત:સ્થળની બહુ સુક્ષ્મથી નોંધ રાખે છે, બહુ સુક્ષ્મથી જોઈ શકે છે, કબીર કહે છે ને કે ''કીડીના પગમાં ઝાંઝર હોય એના ઝણકારની પણ નોંધ અસ્તિત્વ લે છે.'' અસ્તિત્વ પોતાના સઘળા રહસ્યો આપણી સમક્ષ ખોલવા તૈયાર છે અને એવી પાત્રતા માટે અસ્તિત્વની સદીઓ સુધી રાહ જોવાની તૈયારી હોય છે. આપણા અત્યંત સુક્ષ્મ ક્રિયા-વિચારની નોંધ અસ્તિત્વમાં ભૂલ વગર થાય છે.

લગભગ ૨૦ વરસ પછી અંતર અવાજ મુજબ ''કશું જ ન કરવું'' એજ હવે પુરુષાર્થ અર્થે યાત્રા આગળ વધી રહી છે. આટલા વિલંબનું કારણ કોઈ અન્ય નહી પણ ખુદ અમે હતા. અમારી એવી પાત્રતામાં કચાશ હતી. લક્ષ્ય ''વિશ્વ શાંતિ'' છે, તેનું એક પરમ સાધન, સાધનામાં બ્રહ્મચર્ય છે, એ વ્રતમાં ખામી હતી વિધિવત બ્રહ્મચર્ય વ્રત આ ૨૦૧૬ના ચાર્તુમાસમાં જૈનમુનિ સમક્ષ ગ્રહણ કર્યું. આનાથી કામ જીતાઈ ગયો છે એવો દોવો નથી પણ લક્ષ્મણ રેખામાં સુરક્ષિત આવી ગયા અને એ પછી ધીમે ધીમે દરવાજો ખુલતો ગયો અને આમ હવે બુધ્ધ પૂર્ણિમાથી આ યાત્રા આગળ વધી રહી છે. આમ તો ઘણા વખતથી એકવાત સમજાય ગઈ છે કે વિધિવત સામાયિક, પ્રતિક્રમણ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય વગેરે બધા વ્રતો પરમ સાધન છે અને વ્રતપૂર્વક વિધિસહિત ધારણ કરવા જેવા છે. એ અનુભવે સમજાયું છે. ગાંધીજીનો દાખલો તો આપણી સમક્ષ છે જ વિધિવત મુનિપાસે પરસ્રીગમન, માંસાહાર, દારૂના પચ્ચખાણ લીધેલા અને એવા વ્રતથી જ આવા પ્રસંગોમાંથી એ બચી શકેલા હતા.

કૃપાળુદેવ જ નહિ, બધા અનુભવીઓનું એ કહેવું છે કે, ''અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'' મૌન એ જ શ્રેષ્ઠ વાણી છે. છતાં સત્સંગ પુરતું પણ બોલવું જોઈએ અને તો જ આપણી સાચી ઓળખાણ બીજા ને થઈ શકે એમ મિત્રો કહેતા પણ એવી જરૂર જ ન પડે એ માટે અસ્તિત્વે ૨૦૧૬ના દિવાળીના છેલ્લા દિવસોમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-કોબામાં નવ સ્વાધ્યાય થયા એનું રેકોર્ડિંગ થયું, એ પહેલા સાંતાક્રુઝમાં બે સ્વાધ્યાય, અને મુંબઈ જૈન યુવક સંઘમાં ''મોક્ષ હથેળીમાં છે'' વ્યાખ્યાન માળામાં એક સ્વાધ્યાય થયો તેનું રેકોર્ડીંગ થયેલ છે. આ સિવાય ગોરક્ષા પાત્રમાં દસ ભાગમાં ''પ્રેમ નો પિયાલો તમને પાઉ ને પીઉ'' એમ સાધનાની-અંતરંગ વાતો લખાયા પ્રબુધ્ધ જીવનમાં આદરણીય ડો.ધનવંતભાઈ શાહે ''શાંતિનું સરનામું'' અમારા વિષે દસેક પાનાનો તંત્રી લેખ લખેલો.

આ લેખના આધારે જ જીતેન્દ્રભાઈ સંઘવી અને જયેશભાઈ શાહ-અમદાવાદનો મેળાપ થયો અને જયેશભાઈના સુપૂત્રી શિખાબેને અમારી વેબસાઈટ તૈયાર કરી દીધી. આ વેબસાઈટમાં અમારા ગાયેલા ગીતો-ભજનો સાથે, ઉપરની બધી સામગ્રી પણ આ વેબસાઈટમાં આપ જોઈ શકશો-વાંચી-સાંભળી શકશો. આ બધી અસ્તિત્વની જ ગોઠવણ અમારા મૌન શરૂ થાય એ પહેલા જ ગોઠવણી થઈ ગઈ એ આશ્ચર્ય નથી લાગતું! આનાથી વધારે અમારી પાસે કહેવા જેવું નથી અને આનાથી વધારે કહેવાની જરૂર પણ નથી. જેને ''સ્વ''ને જાણવાની-માણવાની-અનુભવવાની ઈચ્છા હોય તેમને માટે આ પરમ સત્સંગ સમાન છે. પાત્રતા મેળવવાની આ માસ્ટર 'કી' છે. એટલે મૌન એ જ સત્સંગનું હવે પરમ સાધન આપણા સહુ માટે રહેશે.

ગોરક્ષા પાત્ર ૨૦૦૧ થી શરૂ થયેલ. વચ્ચે ૨૦૦૭ થી ૨૦૧૪ બંધ રહેલ. પણ આ વખતે શાંતીભાઈ ગડા અંધેરીમાં રહે છે તેમણે ગોરક્ષા પાત્રની અને શીખાબેને વેબસાઈટની જવાબદારી સંભાળી લીધી છે એટલે જ આ માસિક હવે અમારી ચિંચણી ધર્મધરામાં સ્થિરતા છતાં ચાલુ રહે છે.

મૌનનો મંગલધ્વનિ નું પ્રથમ સૂત્ર, ''સજ્જન પુરુષોના શબ્દોમાં અવિશ્વાસ એ જ મહાન શત્રુ છે.'' સફળતાની આ માસ્ટર કી છે. ''કર વિચાર તો પામ'' એ વાક્યનો ભાવાર્થ રહસ્યાર્થ આ પણ છે.

## એ સકળ સમાજ માટેનું સાફલ્યટાણું હતુ

જગતે સુધરવાનું છે અને જે નથી સુધર્યા એમને સુધારવાના છે. જે સુધરવા નથી માગતા કે સુધારાઓનો વિરોધ કરે છે તેમનો વિરોધ કરવાનો છે. સક્રિય વિરોધ શક્ય ન હોય ત્યાં અહિંસક અસહકાર કરવાનો છે. એટલે તો સાઉથ આફ્રિકામાં રંગભેદી શાસનનો અંત આવ્યો અને નેલ્સન મન્ડેલા સાઉથ આફ્રિકાના પ્રમુખ બન્યા એ પછી પહેલું કામ તેમણે ગાંધીજીને અંજલિ આપવા ભારત આવવાનું કર્યું હતું. મન્ડેલા, મુગાબે, ડેઝમન્ડ ટુટુ, માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર)થી લઈને બરાક ઓબામા સુધીના લોકો ગાંધીજીને પોતાના ગુરુ સમજતા હતા અને ભારતને પોતાનો મિત્ર સમજતા હતા.

આજે જગતનો પ્રવાહ ઊલટી દિશામાં વહી રહ્યો છે અને એમાં ભારત અપવાદ નથી. ભારત અપવાદ હોવો જોઈતો હતો; કારણ કે આ ઉપનિષદ, બુદ્ધ, મહાવીર અને ગાંધીનો દેશ છે અને જગત આખા માટે દીવાદાંડી સમાન હોવો જોઈએ. હોવો જોઈએ શું, એક સમયે હતો પણ. દૂરની ક્યાં વાત કરો છો, હજી દાયકા પહેલાં અમેરિકાના એ સમયના પ્રમુખ જ્યૉર્જ બુશે કહ્યું હતું કે પ્રચુર માત્રામાં વિવિધતા અને પાછો સંખ્યાની દ્રષ્ટિએ વિશાળ માનવસમૂહ સાથે કઈ રીતે સાથે રહી શકે એનું ભારત જગત આખા માટે ઉદાહરણ છે. તેમણે પોતાના મુદાનું સમાપન કરતાં કહ્યું હતું કે સૌહાર્દપૂર્વક સાથે જીવતાં શીખવું હોય તો ભારતને ગુરુ બનાવો. જી હા, ગુરુ બનાવો. આ દાયકા જૂની વાત છે, પરંતુ આજે આપણને એ યુગ જૂની લાગે એટલી હદે સમયનો પ્રવાહ આપણા દેશમાં અને જગતમાં બદલાયો છે. ભારતીય સમાજ પ્રવાહપતિત થઈ રહ્યો છે એનું દુ:ખ છે; જ્યારે કે આપણી પાસેથી અપેક્ષા માનવમૂલ્યોના જતનની છે, સામા પ્રવાહે તરવાની છે. જોઈએ તો જગત આખામાં એકલા પડી જઈને, ટાપુ બની રહીને પણ માનવમુલ્યોનું જતન કરવાની છે.

સાઉથ આફ્રિકામાં પીટરમોરિત્ઝબર્ગ રેલવે-સ્ટેશને ઠંડીની કડકડતી રાતે ગાંધીજીને ફર્સ્ટ ક્લાસમાંથી સામાન સાથે બહાર ફેંકી દેવામાં આવ્યા હતા. રાત આખી તેમણે સ્ટેશનના બાંકડે બેસીને વિચાર કર્યો હતો કે આવી પૂર્વગ્રહયુક્ત અન્યાયી વ્યવસ્થાનો અંત કેવી રીતે લાવવો અને એમાં મારું શું કર્તવ્ય છે? એ રાતે તેમણે હાડ ગાળી નાખતી ઠંડી સહન કરી એ તેમની તપશ્ચર્યા હતી. અન્યથા સામાન તેમની સાથે હતો અને તેઓ ગરમ વસ્રો અને ઓઢવાની ચાદર કાઢી શક્યા હોત. ચિંતન, તપશ્ચર્યા, મનોમંથન, સમુદ્રમંથન માટે શરીરને કષ્ટ આપવું જરૂરી છે. ત્રણ વિકલ્પ હતા. એક, બે દમડીની લાલચે અન્યાય સહન કરીને પડ્યા રહેવું. સરેરાશ માણસ આ રીતે જ જીવતો હોય છે અને આપણે ક્યાં જગતને સુધારવાનો ઠેકો લીધો છે? બે, અન્યાય સહન ન થતો હોય અને અન્યાય સામે અવાજ ઉઠાવવા જેટલી ત્રેવડ ન હોય તો દેશ પાછા જતા રહેવું. આ જગતમાં કાયરોની પણ કમી નથી અને સરેરાશ માણસ કોચવાઈને કાયરની માફક આયખું વિતાવતો હોય છે.

ત્રણ, તૂટી જઈશ પણ અન્યાય સહન કરીશ નહીં. પ્રશ્ન થયો, પરાયો દેશ છે અને ભારતીયોની સંખ્યા નહિવત્ છે તો અન્યાયની સાંકળ તૂટશે કેવી રીતે? એટલી તાકાત જ ક્યાં છે? અંદરથી જવાબ મળ્યો : તાકાત બહારથી નહીં, અંદરથી આવે છે અને અંદરની તાકાત કરતાં વધારે મોટી તાકાત આ જગતમાં બીજી એકેય નથી. ગાંધીજીએ એને આત્મબળ તરીકે ઓળખાવી હતી. બસ, સકળ માનવજગત

**- અનુસંધાન પાના નં.૮ પર**

## તારો મુશ્કેલ સમય પૂરો થયો છે

દીકરી મૂંઝાઈ ગઈ, 'હવે શું કરું?' તેણે તેના પિતાને પ્રશ્ન કર્યો, પિતાએ શાંતિથી જવાબ વાળ્યો, ''કશું જ નહિ, બસ તું ધીરે ધીરે સાચવીને ગાડી ચલાવ્યા કર.''

નવી જ ગાડી ખરીદી હતી. નવયુવાન દીકરી કૃષ્ણાને હમણાં જ પાકું ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું હતું. સાથે આવતી બે ત્રણ રજાનો લાભ લઈ નાનકડું કુટુંબ નીકળી પડ્યું હતું આનંદ કરવા. યુવાન દીકરી ગાડી ચલાવે ને પિતા બાજુમાં બેઠા હોય. મા પાછલી સીટ પર આરામથી બેઠી પોરસાય! માંડ બે કલાકનો રસ્તો કાઢ્યો હશે ને વંટોળ આવતો દેખાયો! દીકરી મુંઝાઈ. પિતાના શબ્દો પર વિશ્વાસ રાખીને આગળ વધતી ગઈ.

ધીરે ધીરે શેતાની વંટોળની અસર વર્તાવા લાગી. ગાડી ચલાવવાની વધુને વધુ મુશ્કેલ થઈ ગઈ. હાઈવે પરના બીજા વાહનો સાઈડ પર ખસીને રોકાઈ જવા લાગ્યા. વંટોળનું જોર વધવા લાગ્યું. દીકરીને પણ એક બાજુ ઊભા રહી જવાનું મન થયું.

દીકરીએ પિતાને પૂછ્યું, શું કરીએ પપ્પા? એક બાજુએ ગાડી ઊભી રાખીએ? ''ના, ઊભા રહેવાનું નથી.'' પપ્પાએ મક્કમતાથી જવાબ આપ્યો. ''પણ પપ્પા, વંટોળ વધતો જાય છે.'' દીકરીએ મુંઝાતા કહ્યું.

''બિલકુલ નહી,'' તું ભલે ધીરે ધીરે પણ ગાડી ચલાવતી જ રહે અને આગળ વધતી રહે. ''પપ્પાએ આદેશના સ્વરમાં કહ્યું. દીકરીએ પિતાની વાત માની. ખૂબ મુશ્કેલ લાગવા છતાં ધીરી પણ મક્કમ ગતીએ ગાડી ચલાવ્યે જ રાખી. થોડા સમય બાદ વંટોળ ઓછો થતો ગયો. ધીરે ધીરે રસ્તો દેખાવા લાગ્યો. થોડાક કિલોમીટર અંતર કાપ્યા પછી તોફાનની અને વંટોળની અસર ઓછી થઈ ગઈ. પિતાએ કહ્યું, ''બસ કૃષ્ણા, હવે ગાડી ઊભી રાખ.'' દીકરીએ પૂછ્યું, ''કેમ પપ્પા હવે?''

પિતાએ હળવેકથી મલકાતા જવાબ આપ્યો. ''બહાર નીકળીને જરા પાછળ નજર કરી જો જે લોકો મુશ્કેલીથી હારીને ઊભા રહી ગયા હતા તેઓ હજી એ તોફાન અને વંટોળમાં જ ફસાયેલા છે.'' ''અરે, હા પપ્પા યુ આર ગ્રેટ.'' દીકરી ઊછળી પડી. પિતાએ ઉમેર્યું, ''તું હિંમત હાર્યા વિના ચાલતી રહી. આગળ વધતી રહી, તારા માટે મુશ્કેલ સમય પૂરો થઈ ગયો છે પણ જેઓ મુશ્કેલીથી હારી અને થંભી ગયા તેઓ હજી તેમાં જ અટવાયેલા છે.''

જગતની સમસ્યા અને જીવનના પ્રશ્નોથી થોભી જનારા અને હાર માની લેનારાઓનો આ વિશ્વમાં તોટો નથી. અધવચ્ચે હથિયાર હેઠાં મૂકનારાઓ ક્યારેય મંજિલ સુધી પહોંચી શકતા નથી. તોફાન વગરનો કોઈ રસ્તો હોતો જ નથી. મુશ્કેલી વગરની કોઈ સફળતા હોતી નથી. કાંટા વગરનો કોઈ પંથ હોય તે ધ્યાનમાં નથી. ફરિયાદના સૂર ચારે બાજુ રેલાય છે. પરંતુ પરિશ્રમનો લય પકડી રાખનારા મંજિલને પામે છે. હાર સ્વીકારનારાઓનું આ જગતમાં કોઈ વજુદ નથી. પરંતુ હારીને ઊભા થઈ જનારા અને પુનઃ મહેનત કરવા તૈયાર થનારાઓ માટે આખી દુનિયા રસ્તો આપવા ખસી જતી હોય છે. ટોપલીમાં તેજ લઈ નીકળી પડો, નદીની વચ્ચેથી રસ્તો થઈ જશે. એક ફિલ્મનો ડાયલોગ છે કે 'સક્સેસ કા કોઈ શોર્ટકટ નહિ હોતા.'

સફળતા મેળવવી અને ટકાવવી એ બધા માટે શક્ય નથી હોતું. પરંતુ હાથની રેખાઓને જોયા કરનારાઓ માટે શેકેલો પાપડ ભાંગવો પણ મુશ્કેલ બનતો હોય છે. તું હારી જાય તેનું મને દુઃખ નથી પરંતુ હારીને બેસી જાય તેનું મને દુઃખ છે. જિંદગીની સમસ્યાઓને પડકાર સમજીને જીવનારાઓ જ કંઈ નવું કરી શકે છે. બાકી તો આ જગતમાં ફરિયાદ કરનારાઓનાં ટોળાં ઉભરાય છે.

કોઈ અટકે કે થોભે તો આપણે પણ અટકી જવું? હાર્યા વિના પ્રયત્નો ચાલુ રાખવાથી વિજય રેખા લગીરે દૂર નથી. શરત એટલી કે પ્રયત્નો સાચી દિશાના અને સમજણપૂર્વકના હોવા ઘટે.

**મિસરી -''તુ ન થમેગા કભી, તુ ન ઝૂકેગા કભી**
**કર શપથ, કર શપથ, અગ્નિપથ અગ્નિપથ''**

**- (હરિવંશરાય બચ્ચન)**

**ડૉ. સંતોષ દેવકર, સૌ. સંદેશ**

## ફુટબોલ કલબના સર્મથકોનું પ્રશંસનીય પગલુ

જેમ ક્રિકેટમાં દર વર્ષે ઈન્ડીયન પ્રીમીયર લીગ (IPL) રમાય છે તેમ ફૂટબોલમાં પણ વિવિધ ટીમો વચ્ચે I લીગ નામની સ્પર્ધા યોજાય છે.

આ વર્ષે ફાઈનલમાં મુકાબલો ઐઝવાલ ફૂટબોલ કલબ અને શીલોંગ લોજોન્ગ વચ્ચે હતો. મેચ મેઘાલયની રાજધાની શીંલોગના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં રમાતી હતી. આ મેચ ઐઝવાલ ફુટબોલ કલબે જીતી ત્યારે એક નોંધપાત્ર ઘટના બની.

કલબના સમર્થકો અને પ્રશંસકોએ મેચ જોવા આવેલ અંદાજે ૨૫૦૦૦ પ્રેક્ષકો દ્વારા જે કચરો કરાયો હતો તેને વ્યવસ્થિત જમા કરી સંપૂર્ણ સ્ટેડિયમને સ્વચ્છ ક્ર્યો. એમના આ પગલાથી સંપૂર્ણ ભારતમાં અને ખાસ કરીને નોર્થ-ઈસ્ટ ભારતમાં ફુટબોલમાં રસ ધરાવતા લોકોના હૃદયમાં એક ખાસ સ્થાન મેળવ્યુ છે. આશા છે, આવી પહેલને વધુને વધુ ટીમના પ્રશંસકો Follow કરે. **- લિ. શાંતિલાલ ગડા**

## ક્યારેક નિષ્કર્મ પણ સત્કર્મ બની રહે...

હાસ્ય સમ્રાટ શાહબુદ્દીન રાઠોડ પાસેથી એક રમૂજ સાંભળેલી. ગામડાના એક વૃદ્ધ શહેરમાં સૌપ્રથમ વખત સર્કસ જોવા ગયા. એક ખેલમાં એક છોકરી આંખે પાટા બાંધી સામે ઊભી રહેલી બીજી છોકરી તરફ છરીઓ ફેંકે છે અને પેલી છોકરીની ચારે બાજુ છરીઓ ખૂપી જાય છે, પણ છોકરીને ઘસરકો પણ થતો નથી. પ્રેક્ષકો તાલીઓના ગડગડાટથી એની આ નિશાનેબાજી વધાવી લે છે ત્યારે પેલા ભોળા વૃદ્ધ નિષ્કપટ ભાવથી એટલું જ કહે છે કે બિચારી છોકરીએ બહુ પ્રયત્ન કર્યા પણ નિશાન થોડા માટે જ ચૂકી ગઈ! એને કેમ સમજાવવું કે આ ખેલ નિશાન તાકવાનો નહિ, નિશાન નહિ તાકવાનો છે અથવા તો આ ખેલમાં નિશાન છોકરી નથી, એની આસપાસનું બોર્ડ છે અને મજાની વાત તો એ છે કે છોકરી નિશાન નહિ તાકીને પણ એની કાબેલિયત પૂરવાર કરે છે !

કેટલીકવાર કંઈ ન કરવું એ પણ એક સત્કાર્ય બની રહે. ખાસ તો ત્યારે કે જ્યારે જે તે પરિસ્થિતિમાં આપણે કંઈ કરવા સમર્થ ન હોઈએ અથવા તો આપણને ખબર જ હોય કે આ કામ આપણા વિના જ વધુ સારી રીતે પાર પડી શકશે. આપણી ઉપસ્થિતિ અથવા આપણી પદ્ધતિથી કોઈ કાર્ય ઉકેલાવાને બદલે ગૂંચવાતું હોય તો એનાથી દૂર રહેવું જ સારું. દરેક રસોડે આપણી કડછી લઈ દોડ્યે ન જવાય. હું કરું - હું કરું-ની અજ્ઞાનતા વિજ્ઞાન યુગમાં પણ અકબંધ રહી છે. 'ફૂલ્સ રશીઝ વ્હેર એન્જલ્સ ફીયર ટુ ગો' એ ઉક્તિ આજે ય અનુભવાય છે ! નહિ મામા કરતાં કાણો મામો ખોટો નહિ એ ફિલોસોફી કાયમ કામમાં આવે એવું નથી. ઘણીવાર માત્ર સાક્ષી બનવાનો પણ આનંદ હોય છે. રમતના મેદાન પર તો એકલ દોકલથી લઈ ગણ્યાગાંઠ્યા ખેલાડીઓ જ હોય, પણ રમતના સાક્ષી બનનારા લાખો પ્રેક્ષકો હોય. વ્યાસપીઠ પર એક જ વક્તા હોય, પણ શ્રોતાઓ અસંખ્ય હોય.

જેમના સર્જન અને અભ્યાસથી ગુજરાતી ગઝલ રઈસ છે એવા સુરતના શાયર રઈસ મનીઆર એક સંઘેડા તાર ગઝલ આપે છે...

સાચો છું તો ય હું મને સાબિત નહીં કરું,
હું સત્યને એ રીતથી લજ્જિત નહીં કરું,
આખા ય એના રૂપને અંકિત નહીં કરું,
કાગળ ઉપર ઉતારી કલંકિત નહીં કરું,
આપ્યા કરે એ ફૂલ મને એ જ શર્ત પર,
એકે ય ફૂલ હું કદી સંચિત નહીં કરું,
પામી ગયો, મજા તો બસ ઉથાપવામાં છે,
તેથી હું જાતને કદી સ્થાપિત નહીં કરું,
બીજું કશું ય કરવા સમું પ્રાપ્ત થાય તો સાચું કહું છું,
હું ય પછી પ્રીત નહીં કરું,
રાખે જો વિશ્વને તું વિખરાયેલું,
પ્રભુ ! જા, હું ય મારા ઘરને વ્યવસ્થિત નહી કરું.

આ ગઝલમાં નહીં કરું એ આળસ નથી, સાલસ છે; નકાર નથી પણ પરિસ્થિતિનો સ્વીકાર છે. ન્યાયાલયમાં સત્યને પણ સાબિતી આપવી પડે, કાનૂનના લાંબા હાથ એટલે જ પૂરાવાના ઉકરડા ફેંદતા રહે છે. સત્યની સાબિતી નહીં પ્રતીતિ થવી જોઈએ. અસત્ય ચોરે ચૌટે બૂમબરાડા પાડતું હોય ત્યારે સત્ય એક ખૂણામાં બેસી મૌન રહી લજ્જિત થતું રહે છે. અભિવ્યક્તિ કાયમ અધૂરી જ રહે અને એમાં જ મજા છે. બધું જ કહી દેવાનો દાવો કરતો કલાકાર જાત સાથે જમાતને પણ છેતરતો હોય છે. ઈશ્વર પણ અધૂરપમાં માને છે, અવ્યવસ્થાને સન્માને છે. જતનથી જળવાયેલા ઉપવનો જેટલી જ સુંદરતા વનવગડાની હોય છે. આખી સૃષ્ટિ એક વિરાટ અવ્યવસ્થા સિવાય કંઈ જ નથી એવું વિચારકો કહે છે અને આપણે અનુભવીએ છીએ. સ્થાપન અને ઉત્થાપન એ માત્ર કર્મકાંડના નિયમો નથી, આખા બ્રહ્માંડનું સત્ય છે. પરમ તત્ત્વ ડાળીને ફૂલ આપે છે, માળીને નહિ અને કદાચ માળી એનો માલિક બની પણ જાય તો એ ફૂલની સુવાસને સંચિત કરવાનો સ્વાર્થ એણે રાખેલી શર્તનું ઉલ્લંઘન જ છે.

કેટલાંક કર્મ એવાં છે કે જે ઘણીવાર ન કરવામાં કાર્ય અને કર્તા બંનેની લાજ રહી જાય છે અને આમ છતાં કૈંક એવું છે કે જે કર્યા વિના છૂટકો જ નથી અને આ કૈંક એટલે પ્રેમ. પ્રેમનો વિકલ્પ જડી જાય તો એ કરીએ, પણ પ્રેમ રહ્યો નિર્વિકલ્પ અને એટલે પ્રેમ સાથે 'નહીં કરું' એવો આગ્રહ રાખી ન શકાય. કશું જ ન કરીએ અને માત્ર પ્રેમ જ કરીએ ત્યારે સાબીતીના ઘૂંટણીયે પડેલું સત્ય પ્રતીતિના આલિંગનમાં આવી જાય છે !

- **ચાર્જિંગ પોઈન્ટ :**

લ્યો જૂઓ ફોરમ બની ફેલાય છે
ફૂલ સરનામા વગરનું થાય છે
આ પવન ખૂશ્બુ ય સંઘરતો નથી
આપણે ત્યાં ધૂળ જામી જાય છે.
**- રઈસ મનીયાર**

- લે. પ્રણવ પંડ્યા, સૌ. જન્મભૂમિ પ્રવાસી,

**સત્ય શ્રધ્ધા અને સમભાવથી ચારિત્રબળ ખીલે છે અને કર્મબંધન ઢીલાં પડે છે.**

## ભારતીય ગોવંશ : વાસ્તવિકતા અને વિટંબણા

ભારતને દૂધ ઉત્પાદન ક્ષેત્રે પગભર કરવાના ઉદ્દેશ સાથે ૧૯૭૦માં શ્વેતક્રાંતિનું મંડાણ થયું. શ્વેતક્રાંતિને લીધે ૧૯૯૮માં ભારત અમેરિકાને બાજુ પર રાખી વિશ્વમાં સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો. ૨૦૧૦-૧૧માં ભારતનું દૂધ ઉત્પાદન વૈશ્વિક ઉત્પાદનના ૧૭ ટકા જેટલું રહ્યું હતું. ૩૦ વર્ષમાં સત્તાવાર રીતે દૂધ ઉત્પાદન બમણું થઈ ગયું છે પરંતુ એ સાચું ન હોઈ શકે કારણ કે, ગેરકાયદે કતલ માટે લઈ જવાતાં તમામ ઢોર દૂઝણી ગાયો હોય છે અને આ આંકડો લાખોમાં છે. ઉપરાંત સરકારના પોતાના 'એફએસએસએઆઇ' ના અહેવાલ અનુસાર બજારમાં ઉપલબ્ધ ૮૦ ટકા દૂધ બનાવટી હોય છે. ગોવંશની સંખ્યા બાબતે સમયાંતરે સર્વેક્ષણ થતાં રહે છે. મોટાભાગે મંત્રાલયમાં બેઠેલા બાબુઓ દ્વારા આ આંકડો ઉપજાવી કાઢેલો હોય છે અને આ આંકડો એ રીતે નક્કી થાય છે કે જેથી આ ક્ષેત્ર માટે વધૂને વધુ નાણાં ખેંચી શકાય. જિલ્લામાં પાયાના સ્તરે કાર્ય કરતા પશુચિકિત્સકોને આ પ્રક્રિયામાં ક્યારેય સાંકળવામાં આવતા નથી અને હજી આજે પણ પશુઓની ગણતરી માટે કોઈ ચોક્કસ કાર્યપદ્ધતિ આવી નથી. ૮૦ના દાયકામાં વાઘની ગણતરી કરતી વખતે સંખ્યા બમણી કરી પછી એનો ગુણાકાર કરી વાઘની સંખ્યા નક્કી કરી દેવાતી હતી. વાઘની ગણતરી અંગે કાર્યપદ્ધતિ અપનાવવામાં આવી અને ખરેખર સર્વેક્ષણ હાથ ધરાયું ત્યારે વાઘની સંખ્યા સરકારે જણાવ્યા મુજબ ૨૫૦૦૦ નહોતી પરંતુ ફક્ત ૧૪૦૦ હતી. આ જ વાત ગોવંશ માટે પણ સાચી ઠરી શકે છે. આખરે આપણે વિશ્વના સૌથી મોટા ગોમાંસ નિકાસકાર છીએ. તમે એક જ પ્રાણી પાસેથી દૂધ અને માંસ બંને ન મેળવી શકો. જો આપણી પાસે પૂરતું દૂધ હોય તો અડધું ભારત તાજા દૂધનું લેબલ લગાડેલું 'રિકોન્સ્ટિટ્યુટેડ મિલ્ક' શા માટે પીએ છે ?

ભારત ૩૭ પ્રકારના શુદ્ધ ગોવંશ ધરાવે છે. એમાં શાહિવાલ ગાય, ગીર ગાય, લાલ સિંધી ગાય તથા થરપાર્કર અને રાઠી ગાય વધુ દૂધ આપવા માટે જાણીતી છે. શ્વેતક્રાંતિને કારણે આ પ્રજાતિ હવે નામશેષ થવાને આરે છે.

નાના ખેડૂતોને ગાયના ચારાપાણી માટે અને ગુજરાન ચલાવવા માટે મદદ કરવામાં આવે તો એના આશ્ચર્યકારક પરિણામ જોવા મળી શકે. (ભારતીય ગાયો દા.ત. બ્રાઝિલમાં સારું પરિણામ આપી રહી છે. ૨૦૧૧માં ક્વિમબાન્ડા કેલ નામની શુદ્ધ ગીર ગાયે વાર્ષિક ૧૦,૨૩૦ લિટર, રોજનું ૫૬.૧૭ લિટર દૂધ આપવાનો ૨૦૧૦નો પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો.) પરંતુ ભારતમાં આ ગાયોની દૂધ ઉત્પાદકતા ઓછી કેમ છે ?એમાં વધારો કેમ કરી શકાય વગેરે પ્રશ્નો પર ધ્યાન આપવાને બદલે ૧૯૬૦માં સરકારે ભારતીય ગાયનું આયાત કરેલા બળદ સાથે ક્રોસબ્રિડીંગ કરવાનું શરૂ કર્યું. ભારતની વર્તમાન, આભાસી દૂધઅછત અને ભારતીય દેશી ગાયો અદ્રશ્ય થઈ રહી હોવા માટે જવાબદાર આ મુખ્ય કારણને સુધારવાનો પ્રયત્ન કોઈ સરકારે કર્યો નથી. ઉપરાંત દેશી ગાયોના ઉછેર વિશે પણ ઈરાદાપૂર્વક ખોટી રજૂઆત કરવામાં આવે છે અને ભારત દૂધની આયાત કરતો દેશ બની જશે એમ કહેવામાં આવે છે (જેથી આપણે ગાયોની આયાત કરતા રહીએ અને અધિકારીઓ એ બહાને વિદેશની સહેલ માણતા રહે).

ગોવંશમાં સુધારા માટે, જર્સી જેવી વિદેશી પ્રજાતિના ગોવંશને ભારત લાવી તથા દેશની દૂધ ઉત્પાદકતા વધારવા રાષ્ટ્રીય ક્રોસબ્રિડીંગ કાર્યક્રમ અપનાવવાની ફક્ત એક જ કાર્યપદ્ધતિ પર ધ્યાન કેન્દ્રીત કરાય છે. જર્સી વંશની ગાયો વાર્ષિક સરેરાશ ૩,૦૦૦થી ૫,૦૦૦ લિટરથી વધુ દૂધ આપી શકતી નથી. આની સરખામણીમાં, આપણી દેશી ગાયોના વિકાસ પર ધ્યાન અપાયું હોત તો ભારતનું દૂધ ઉત્પાદન તમામ વૈશ્વિક રેકર્ડને પાર કરી ગયું હોત.

ઈન્ટેન્સિવ કેટલ બ્રીડિંગ પ્રોગ્રામ (આઈસીડીપી) હેઠળ ભારતીય ગોવંશનો વિદેશી ગોવંશ સાથે અવિવેકી ક્રોસબ્રીડિંગ કરવાને લીધે ૮૦ ટકા ભારતીય ગોવંશ નૉનડિસ્ક્રિપ્ટ (જેનું ચોક્કસ વર્ણન કે વર્ગીકરણ કરવું મુશ્કેલ હોય) વર્ગમાં આવી ગયો છે. પરંતુ સત્તાવાર આંકડાઓમાં જૂઠાણું ચાલતું જ રહે છે. સરકારી નોંધમાં જ્યારે દેશી ગાયનું સરેરાશ દૂધ ઉત્પાદન દૈનિક ૨.૨ લિટર જણાવ્યું હોય તો એમાં પાંચ ઉત્કૃષ્ટ પ્રકારની દૂઝણી દેશી ગાયો સાથે દૂધ ન આપતાં, ભારવાહી પશુઓને પણ ગણી લેવામાં આવે છે. આમ આયાતી ગાયોની સર્વોપરિતા સ્થાપિત કરવા, ગીર અને રાઠી જેવી ભારતની શ્રેષ્ઠ દૂઝણી ગાયોના ઉત્પન્ન તરફ ઈરાદાપૂર્વક દુર્લક્ષ કરાય છે. જ્યારે ભારતીય ગોવંશની ગાયો વિદેશમાં-અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રાઝિલમાં અસાધારણ સારું પરિણામ આપી રહી છે.

આપણે દૂધના ઉત્પાદનમાં જ નહી ગુણવત્તામાં પણ પાછળ રહી ગયા છીએ. એ તો પ્રચલિત સત્ય છે કે દૂધના બે પ્રકાર હોય છે, એ-૧ અને એ-૨. એ-૨ દૂધ દેશી ઓલાદની ગાયનું દૂધ હોય છે અને વૈજ્ઞાનિક પુરાવા દર્શાવે છે કે ભારતીય (ઝીબુ) ગાય એ-૨ પ્રકારનું દૂધ આપે છે. યુરોપિયન બ્રીડની ગાય, દા.ત. હોલ્સ્ટીન, એ-૧ પ્રકારનું દૂધ આપે છે. યુરોપિયન બ્રીડની તમામ ગાયના દૂધમાં એ-

૧ પ્રોટિન જોવા મળે છે અને એ-૧ પ્રોટિનને ટાઈપ-વન ડાયાબિટીસ, કોરોનરી હાર્ટ ડિસીઝ, એલર્જી, પેટની બીમારીઓ, ઑટિઝમ, સ્કિઝોફેનિયા સાથે સંબંધ હોવાના પુરાવા મળી રહ્યા છે.

અમેરિકાના કૃષિ વિભાગ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ભારત ગોમાંસની નિકાસમાં વિશ્વમાં સૌથી મોખરે છે. ભારતે વર્ષ ૨૦૧૫માં ૨૦.૪ લાખ ટન ગોમાંસની નિકાસ કરી હતી. એની સરખામણીમાં બ્રાઝિલે ૨૦ લાખ ટન અને ઓસ્ટ્રેલિયાએ ૧૫ લાખ ટન ગોમાંસની નિકાસ કરી હતી. વૈશ્વિક ગોમાંસ નિકાસમાં ભારતનો ફાળો ૨૩.૫ ટકા જેટલો છે જે ૨૦૧૪ના ૨૦.૮ ટકા કરતાં વધુ છે. આ તો સત્તાવાર આંકડો છે. બિનસરકારી આંકડો તો એથી લગભગ બમણો છે. એક અંદાજ મુજબ ભારત-બાંગ્લાદેશની ૨,૪૦૦ માઈલ લાંબી સરહદેથી દર વર્ષે લગભગ વીસ લાખ ગાયની દાણચોરી થાય છે. કાયદાની આંખમાં ધૂળ નાખીને દેશની અંદર પણ જ્યાં ગાયની કતલ માટે કોઈ દંડ નથી કે અત્યંત ઓછો દંડ છે એવાં રાજ્યો કેરળ, પ.બંગાલ, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા અને સિક્કિમમાં ગાયની દાણચોરી થાય છે. ભારતમાં ૩,૬૦૦ અધિકૃત કતલખાનાં અને ૫૦,૦૦૦ અનધિકૃત કતલખાના છે જેમાં મોટાભાગે ગાયોની કતલ કરાય છે. મોટાભાગનું ગોમાંસ કેરળ અને બાંગ્લાદેશ માર્ગે મધ્યપૂર્વના દેશો અને યુરોપ પહોંચે છે. આ વેપાર અત્યંત ઘાતકી છે અને બહુધા ગુનેગારોની ટોળકી એમાં સંડોવાયેલી હોય છે. ઉત્તર પ્રદેશના પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ આ વેપારની મોટાભાગની કમાણી શસ્ત્રો ખરીદવામાં જાય છે.

**- મેનકા ગાંધી, સૌ. જન્મભૂમિ પ્રવાસી**

## વિકાસના નામે ફરી ગાય ફાસીને માંચડે

હમણાં જ પૂના સ્થિતિ ''સકાળ'' વર્તમાનપત્રમાં છપાયેલ ખબર અનુસાર પ્રાજ ઈન્ડસ્ટ્રી દ્વારા પૂના જિલ્લાનાં પૂરંદર તાલુકામાં દેશની પ્રથમ બાયો-રિફાઈનરી નંખાઈ રહી છે જેમાં ખેતીની આડપેદાશો (Bye Products) જેવી કે ઘાસફૂસ, ડાંગરની પરાળ, ચોખાના ફોતરા (Husk), મકાઈના ડોડા, જુવાર-બાજરીની કડબ Raw Material તરીકે વપરાશે અને તેનું Ethanolમાં રૂપાંતર થશે. કંપનીના કાર્યકારી અધ્યક્ષના જણાવ્યા પ્રમાણે આ પ્રકલ્પની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૦ લાખ લીટર ઈથેનોલ જેટલી હશે અને દેશની ઈંધણ સુરક્ષિતતાની દિશામાં આ એક મહત્વનું પગલુ સાબિત થશે.

વાહનોમાં ઈંધણ માટે પેટ્રોલ-ડિઝલનો જે ઉપયોગ થાય છે તેમાં ૫ થી ૨૦% જેટલુ ઈથેનોલ મિક્ષ કરવાથી, તેટલા પ્રમાણમાં પેટ્રોલ-ડિઝલની બચત થશે, આપણા દેશની જરૂરિયાતના ૮૦% જેટલી પેટ્રોલિયમ પદાર્થો આયાત થાય છે જેના માટે આપણે મોંઘુ Foreign Exchange આપવું પડે છે. તેમાં તેટલા પ્રમાણમાં બચત થશે. આ સમગ્ર યોજનાની પરિકલ્પના ભારત સરકારના પરિવહન મંત્રી શ્રી નિતીન ગડકરીની છે. જેમણે ૭મી મેના આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરેલ છે.

પ્રથમ નજરે આર્કષક અને તર્કબધ્ધ લાગતી આ યોજના ખરેખર તો પશુઓ માટે મૃત્યુઘંટ વગાડનારી સાબિત થશે કારણ કે દિવસે દિવસે ગૌચરની જમીન ઘટી રહી છે અને પશુખાદ્યના ભાવ વધી રહ્યા છે ત્યારે તેમના માટે એક માત્ર આશરો (Last Resort) ખેતપેદાશોનો હતો હવે તે પણ ઉપરોક્ત પ્રકલ્પ દ્વારા છીનવાઈ જતા પશુપાલકો માટે પશુઓને પાળવુ ખૂબ મૂશ્કેલ બની જશે. જાણીતા પશુપ્રેમી ડૉ. અશોક કાલેના કથન અનુસાર આ પ્રકલ્પ આડકતરી રીતે તો એક કતલખાનાની ગરજ સારશે. સ્રીભૃણ હત્યા અને ગોહત્યા, દુર્ગા અને ગાયને વંદનીય માનવાવાળા ભારતમાં ફરી વધશે. આશા છે મહારાષ્ટ્ર સરકાર આવી યોજનાના દૂરગામી પરિણામો ધ્યાનમાં રાખી ભવિષ્યમાં આવી યોજનાઓ પર રોક લગાવે.

**- ડો.અશોક કાલે, પ્રેષક : શાંતિલાલ ગડા**

---

**અનુસંધાન પાના નં.૪ પરથી ચાલુ...**

માટે એ સાફલ્યટાણું હતું. સંતો સાથે સિદ્ધિની ક્ષણ (મોમેન્ટ ઑફ એનલાઈટનમેન્ટ)ની ઘણી કથાઓ આપણે સાંભળી છે, પરંતુ એ રાતે એવી શક્તિનો પ્રાદુર્ભાવ થયો હતો જેણે માનવસમાજ માટે મુક્તિની દિશા ચીંધી હતી. એ સકળ સમાજ માટેનું સાફલ્યટાણું હતું.

દુર્ભાગ્યે આજે આપણે પ્રવાહપતિત છીએ. આપણે એ બાપુના વારસો છીએ જે આપણને લાત મારીને બીજાને ધકેલતા રોકે છે. એટલે તો એ માણસ માટે આપણને અણગમો છે. કોઈ ધર્મની યાદ અપાવીને સંગઠિત કરે અને લડાવે એ આપણને ગમે છે, પરંતુ કોઈ ધર્મ (ફરજ)ની યાદ અપાવીને રોકે એ આપણને ગમતું નથી. ટોળામાં ઓગળી જઈને મર્દાનગી બતાવવામાં મર્દ હોવાનો જૂઠો દિલાસો મળે છે. બીજી બાજુ ન્યાયના પક્ષે એકલા ઊભા રહેવામાં લોકોની વચ્ચે મર્દાનગીની કસોટી થાય છે.

**- રમેશ ઓઝા, સૌ. મિડ-ડે માંથી સાભાર**

## આ દાડમની સુવાસ છેક દિલ્હી પહોંચી !

જે ગુજરાતીઓનાં નામ આ વર્ષના પદ્મ એવૉર્ડ્સમાં આવ્યાં છે એમાંનું એક મહત્ત્વનું નામ છે ગેનાભાઈ દરઘાભાઈ પટેલ.

આ નામ સાથે ઘણાને આનંદાશ્ચર્યની લાગણી થઈ આવી એનાં બે મુખ્ય કારણ છે : પહેલું, ગેનાભાઈ ખેડૂત છે અને બીજું, એ દિવ્યાંગ છે. એમના બન્ને પગ નિષ્ક્રિય છે. દર વરસે આવાં પુરસ્કારો ને સમ્માનો દ્વારા રાષ્ટ્ર સમગ્રને સ્પર્શનારા અને સૌને પ્રેરિત કરનારા મહાનુભાવોની વાત થતી હોય ત્યારે મોટા ભાગે છેવાડેનો માણસ માત્ર હરખાતો ને પ્રેરિત થયા કરતો હોય, પણ આ અવસર તો જાણે એને પોતે સમ્માનિત થવાનો હતો.

મૂળ વાત એવી છે કે બનાસકાંઠા જિલ્લાના લાખણી નજીક ગોળિયા ગામના વતની ગેનાભાઈને આમ તો મનમાં ઘણા ઉમંગ, પણ શારીરિક મર્યાદાઓને કેમ કરી ઉવેખવી? એ પ્રશ્ન હતો. પરિવારની ખેતી હતી, પણ એમાંય સહભાગી બનાય એમ નહોતું. એવામાં ૨૦૦૪-૦૫માં કૃષિમેળામાં તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીના ભાષણે ગેનાભાઈને બાગાયતી ખેતી માટે ઝંકોર્યા. શારીરિક મર્યાદાઓ હોવાથી એમણે નક્કી કર્યું કે એક જ વખત વાવેતર કરીને સારી રીતે સાચવી-પોષી શકાય એવી ખેતી પસંદ કરવી... અને બસ, પછી શરૂ થયો અભ્યાસ-પ્રવાસ, ચર્ચા-વિચારણા અને અંતે વાતાવરણ તથા ખેતર ને ગેનાભાઈએ બધાને અનુકૂળ પડે એવી દાડમની ખેતી કરવાનું નક્કી કર્યું.

૫૩ વર્ષી ગેનાભાઈ ચિત્રલેખાને કહે છે :

‘શારીરિક મર્યાદાને લીધે ખેતરમાં રોજિંદી મજૂરી થઈ શકે એ શક્ય નહોતું એટલે નક્કી કર્યું કે ખેતી તો કરવી, પણ એવી કરવી કે જેમાં એક વારનું વાવેતર હોય, વારંવાર ક્યારા રોપવા-વાઢવા ન પડે તેમ જ અન્ય સાચવણી પણ વારંવાર ન કરવી પડે એટલે દાડમ શ્રેષ્ઠ વિકલ્પ હતો. શરૂઆતનાં વર્ષો તો કપરાં રહ્યાં, કારણ કે અગાઉ આ વિસ્તારોમાં તો કોઈ ખેડૂતે દાડમનું નામ પણ ઉચ્ચારેલું નહીં. વાવેતરનાં ફળ તો મળ્યાં, પણ કિંમત ને વેચાણમાં ગોથાં ખાધાં. ત્યારે બધા જ ખેડૂતમિત્રો ના પાડતા હતા કે આ દાડમ-ફાડમની ખેતી અહીં ન કરાય, બધું ટલ્લે ચડશે તો ભારે નુકસાની થશે વગેરે પણ ૨૦૦૪-૦૫માં દાડમ વાવવાની શરૂઆત કરી હતી, એ બધી રીતે ફળી છેક ૨૦૦૯ પછી... ત્યાર બાદ તો બધું પુરજોશમાં નીખર્યું.’

દાડમની ખેતી વિશે સમજાવતાં ગેનાભાઈ કહે છે: ‘આમ તો ડિસેમ્બર-જાન્યુઆરી દાડમની સીઝન ગણાય, પણ હકીકતમાં તો બારે મહિના એની સીઝન કહી શકાય છે. દાડમની ખેતીને હું કલ્પવૃક્ષ જેવી ખેતી કહું છું. આ ખેતીમાંથી તમે જે ઈચ્છો એ મેળવી શકો છો. એને વાતાવરણ ને જમીન અનુકૂળ હોય ત્યાં બારે મહિનામાં ગમે ત્યારે વાવો, વાવેતરના આઠમા મહિનાથી ફળ મળવાની શરૂઆત થઈ જાય છે. જો કે આઠ મહિનાની સંભાળ જરૂરી છે. મહત્ત્વની વાત એ છે કે એક વૃક્ષદીઠ આશરે વીસ કિલો દાડમ થાય છે, જે તમને સંભાળના ઓછામાં ઓછા ખર્ચ કરતાં વધારે વળતર તો અપાવી જ દે.’ શરૂઆતનાં વર્ષોના માઠા અનુભવોને યાદ કરતાં ગેનાભાઈ કહે છે કે ભાવની અજાણતાંને લીધે પહેલાં બે-ત્રણ વર્ષમાં તો ત્રણ રૂપિયાથી લઈ બાર રૂપિયા સુધી કિલોના ભાવે દાડમ વેચી દીધાં હતાં, જે અત્યારે આશરે પચાસ રૂપિયે કિલોએ વેચાય છે.

એસએસસી સુધીનો અભ્યાસ કરનારા ગેનાભાઈની મૂળ ઉપલબ્ધિ તો ભલે એમનું લીલુંછમ્મ ખેતર ને દાડમની સફળ ખેતી કહેવાય, પણ એ પછી સમ્માન ને પુરસ્કારો પણ એમનો પીછો કરતાં કરતાં એમના દરવાજે પહોંચ્યાં છે. પાછલાં વર્ષોમાં ખેતીમાં એમના વિશિષ્ટ પ્રદાન માટે અનેક મહાનુભાવોના હસ્તે એમને ૧૭ એવૉર્ડ મળ્યા છે ઉપરાંત આખા વિસ્તારમાં એમની આગેકદમીથી ખેડૂતોને બાગાયતી ખેતી માટે પ્રેરણા મળી છે. સ્થાનિક ખેડૂતમિત્રો ને આગેવાનોએ મળી એમને કૃષિઋષિ જેવું બહુમાન આપ્યું છે. અત્યારે ગેનાભાઈ એમના પરિવારમાંથી મોટા ભાઈ ને બે ભત્રીજા સાથે મળી પાંચ હેક્ટર જમીન પર મોટા પાયે દાડમની ખેતી કરી રહ્યા છે. એમના ખેતરમાં દસેક માણસ કામ કરે છે ને કામ કેવું ચાલી રહ્યું છે એ જોવા એમણે સીસીટીવી કૅમેરા પણ ગોઠવેલા છે તો બીજી તરફ, અવારનવાર ખેતરનો ખૂણેખૂણો જોઈ શકાય એ માટે પોતે કાર લઈને ચક્કર લગાવી આવે છે. એમણે ખેતરમાં પાક પણ એવી રીતે વાવ્યા છે કે ગાડી લઈને ફરતાં ફરતાં નજર રાખી શકાય !

**- સુનિલ મેવાડા, સૌ. ચિત્રલેખા**

## લગ્નની કંકોત્રી પર લખેલ સુવિચાર

અનાજ બધાને જોઈએ છે, ખેતી કોણ કરશે ?
દૂધ બધાને પીવુ છે, ગાય કોણ પાળશે ?
છાંયડો અને ફળ બધા ઈચ્છે છે, વૃક્ષો કોણ વાવશે ?
પાણી માટે બધા ઈચ્છુક, પાણીનો દુર્વ્યય કોણ અટકાવશે ?
મા, બેન, પત્ની સૌ કોઈ ઈચ્છે છે, દીકરી શું કામ નહિ ?
મૃત્યુ બધાને આવશે, અવયવ દાન કોણ કરશે ?

## મૃત્યુ અને તમારો સ્વભાવ

તમારી ત્રૂટિયો દૂર કરવા મોત પર આધાર ન રાખો તમે મૃત્યુ પછી પણ તેવા જ રહેવાના છો, જેવા પહેલા હતા. મૃત્યુ વખતે ફક્ત શરીર જ બદલાય છે, બીજુ કશું બદલાતું નથી. જો તમે મૃત્યુ પહેલા ચોર, ખોટા બોલા કે ઠગ હો, તો મૃત્યુ પામીને દેવદૂત નથી બની જવાના. જો આ શક્ય હોત તો આપણે બધા સમૂદ્રમાં જઈને કૂદકો મારત અને મરીને દેવદૂત બની જાત.

તમે અત્યાર સુધી છો તે જ મૃત્યુ પછી રહેવાના છો. એટલે જ્યારે તમારો પુર્નજન્મ થશે ત્યારે તમે તમારો સ્વભાવ સાથે લઈને આવશો. આથી જરૂરી છે કે તમે તમારા પોતાના પ્રયત્નો દ્વારા તમારામાં બદલાવ લાવો. અને તેને માટે આ દુનિયા જ એ જગ્યા છે જ્યાં એ થઈ શકે. **- સ્વામી યોગાનંદ પરમહંસ.**

## વિનય ધર્મ

એ શબ્દથી કે પુસ્તકથી શીખવાતો ધર્મ નથી. એ આચરણની દીક્ષા માગે છે. સમાજમાં ગુરુ-શિષ્ય, મજૂર-કારીગર અને તેના માલિક, કુટુંબમાં બાળકો અને માતાપિતા, ઘરમાં સ્ત્રી-પુરુષ વચ્ચે, વહેવારમાં ગ્રાહક-દુકાનદાર વચ્ચે આપણને રોજ અવિનયના પ્રસંગો જોવા મળે છે. રાજકારણની તો વાત જ છોડો!

સમાજમાં સૌથી વધારે માનપાત્ર બહેનો, માતાઓ, ગૃહિણીઓ વગેરેના અપમાનો, શિયળ લૂંટના પ્રસંગો વાંચતાં - આપણને સમાજ, ઝપાટાબંધ ચારિત્ર્યની મૂડી ગુમાવતો જતાં આપણે શરમથી ઝૂકી જઈએ છીએ. આવા પ્રસંગે ભાઈ ગુણવંતભાઈનો પ્રયાસ પ્રશંસનીય છે. પણ આ વિનયને સમાજનું ઘરેણું કેમ બનાવવો, તેનો વ્યવહારુ માર્ગ શોધવા, આજના બધા મિત્રો એકઠા થયા હતા. ત્યારે અમને દર્શક-શ્રી મનુભાઈ પંચોળીનું એક કથન યાદ આવે છે. તેને અહી તાજું કરવાનું મન થાય છે.

'જમાનાઓથી સાધુ-સંતો, મહાપુરુષો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું પરિણામ શા સારુ આટલું ઓછું આવ્યું છે?... હું ઉત્તર આપવાનું સાહસ કરું?

આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢોને આપ્યો. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢપરિવર્તન ગણ્યું... દુર્યોધનને એકવાર વિદુરજી સમજાવે છે કે ભાઈ-ભાઈ વચ્ચેના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે છે. દુર્યોધન કહે છેઃ જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિ, જનામ્ય ધર્મમ્ નચમે નિવૃત્તિ.' આપણે દુર્યોધનની નાની મોટી આવૃત્તિ છીએ, કારણ કે જ્ઞાન પછીથી આવે છે. આદતો, લાગણીનાં વલણો બાળપણમાં પડી ચૂક્યાં હોય છે... થોડાક સદ્ભાગીઓને બાદ કરીએ તો, મોટા ભાગે જીવન વ્યવહારમાં - બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે.'

આ સભાના વિદ્વાનો પણ આ વિચારને ગાંઠે બાંધી પ્રયત્ન કરશે તો સમાજમાં વિનયધર્મની ફુલવાડી જરૂર ખીલી ઊઠશે. **- મનુભાઈ પંડિત, સૌ. જીવનસ્મૃતિ, અમદાવાદ જ્ઞાનસત્રમાં આપેલ વક્તવ્ય.**

## કલ્યાણ મિત્ર કોને કહેવાય ?

જૈન ધર્મમાં કલ્યાણ મિત્રની ખુબ જ સુંદર વ્યાખ્યા ૧૪૪૪ ગ્રંથના રચયિતા શ્રી હરિભદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબે ''યોગદ્રષ્ટી'' નામના ગ્રંથમાં આપી છે જેમાં હરિભદ્ર સુરીશ્વરજી મહારાજ સાહેબનો કહેવાનો ભાવાર્થ છે કે ''જેના પણ જીવનમાં કોઈ કલ્યાણ મિત્ર નથી તે ધર્મી બની શકે નહિ''

મિત્ર અને કલ્યાણ મિત્ર વચ્ચેનો તફાવત શું? ''જે તમારા સુખની ચિંતા કરે તે માત્ર મિત્ર છે પણ જે તમારા હિતની ચિંતા કરે તે કલ્યાણ મિત્ર છે.'' તમારા જીવનમાં આવતા સુખ પાછળ અહિત તો નથી થઈ જતું ને તેની સતત ચિંતા કરે તે કલ્યાણ મિત્ર, તમારું હિત કરવામાં કલ્યાણ મિત્ર તમારા સુખ ને ખલેલ તો પહોંચાડશે જ. એટલે જ જો જીવનમાં કલ્યાણ મિત્ર ને સ્થાન આપવું હોય તો ક્યારેક સુખનું બલિદાન આપવું જ પડશે. તમને ખરાબ ખોટા કામ કરવામાં કાયમ સાથ આપે તે છે મિત્ર પણ તમને ખોટા માર્ગે જતા અટકાવી સાચા માર્ગ તરફ દોરી જાય તેનું નામ કલ્યાણ મિત્ર કલ્યાણ મિત્ર તરીકેનું સ્થાન તમે કોઈ મિત્ર, માતા, પિતા, ગુરુ, ધર્મ પતિ/પત્ની, વડીલ વગેરેને પણ આપી શકો છો. **- શાંતિલાલ ગડા**

## કલામનું ઉદાહરણ આપણી સામે જ છે !

'કલામ ઈફેક્ટ' પુસ્તકમાં નીચે જણાવેલ માહિતી રજૂ થઈ છે. ''જ્યારે તેઓએ રાષ્ટ્રપતિભવન છોડી દીધું ત્યારે પોતાને મળેલ ભેટોમાંથી એક પેન્સિલ સરખી પણ લીધી ન હતી.'' 'કલામે પુસ્તકના લેખક નાયરને પૂછ્યું કે જે લોકો ખાધેપીધે સંપન્ન છે તે બધા માટે ઈફતાર પાર્ટી શા માટે રાખવી જોઈએ? તે પાર્ટીનો અંદાજે ખર્ચ કેટલો હશે તે મને જણાવો. નાયરે જણાવ્યું કે આશરે ૨૨ લાખ રૂપિયા. કલામે નાયરને જણાવ્યું કે અનાથ અને જરૂરતમંદ લોકોને શોધી કાઢી તે બધાંને તેટલી રકમનાં અનાજ, કપડાં અને ધાબળા વગેરે દાનમાં મોકલી આપો.'' આવી રીતે ભારતના રાષ્ટ્રપતિ વિચારતા હતા. જે તેમની પ્રતિભાને સમગ્ર દુનિયાના જનમાનસ સમક્ષ સ્પષ્ટ કરે છે અને તે લાખોમાં એક હોય તેવા ઉચ્ચ ગુણો ધરાવતા એક વિશ્વપુરુષ હતાઃ **– પ્રેષક : સૂર્યકાંત પરીખ**

# સાચા ગુરુ

સાચા ગુરુને કેવી રીતે ખોળશો ? શાસ્ત્રોમાં કથન છે કે: 'શિષ્ય જ્યારે તૈયાર હોય છે ત્યારે ગુરૂ તેની સમક્ષ પ્રગટ થાય છે.' તમે તૈયાર ન હો, તો ગુરુ ત્યાં હોય તો પણ તમારું તેના તરફ ધ્યાન ન જાય કે તેના તરફ અભિમુખતા ન આવે એમ બને, હીરો શું છે તેની તમને ખબર ન હોય, તો હીરો સામે પડ્યો હોય છતાં તમે તેને કાચનો ટુકડો માની તેના તરફ દુર્લક્ષ કરી પસાર થઈ જાઓ. વળી બે વચ્ચેનો ભેદ તમે ન જાણતા હો, તો તમે કાચના એક ટુકડાને હીરો માની જિંદગીભર તેનું જતન કરતા રહો તેમ પણ બને.

શોધના આ સમય દરમ્યાન જિજ્ઞાસુ વધુ પડતો બૌદ્ધિક બની જાય અને સહજભાવની અવગણના કરે, અથવા એથી ઉલટું તે બહુ લાગણીમય બની જાય અને તર્કબુદ્ધિની અવગણના કરે, તેવુંયે બને. લાગણીમાં સરી જવું તે બુદ્ધિમાં સરી જવા જેટલું જ જોખમકારક છે. તે બંને અહંને પુષ્ટ કરે છે. જેઓ આંતરશિસ્તમાં ન માનતા હોય તેમણે જ્ઞાનપ્રાપ્તિની આશા ન રાખવી. માત્ર તેમને જ્ઞાન જોઈએ છે એટલાથી જ કોઈ ગુરુ જ્ઞાન આપે નહિ કે આપી શકે નહિ.

પરંપરા પ્રમાણે શિષ્યોને શીખવવાનું જેમને સોંપાયું હોય તેવા સાચા આધ્યાત્મિક શિક્ષક સારા શિષ્યો શોધી કાઢે છે. તે અમુક ચિહ્નો અને નિશાનીઓની શોધમાં હોય છે. કોણ તૈયાર છે તે તેમને જાણવું હોય છે. શિષ્ય કેટલો તૈયાર છે તે ગુરુ સહેલાઈથી જોઈ શકે છે. ગુરુને જો એમ લાગે કે શિષ્ય હજી તૈયાર નથી તો તે એને ધીરે ધીરે ઉચ્ચ અભ્યાસ માટે તૈયાર કરે છે. વાટ અને દિવેલ જ્યારે જ્યારે તૈયાર હોય ત્યારે ગુરુ આવીને દીવો સળગાવે છે. એ ગુરુનું કર્તવ્ય છે. પરિણામે દિવ્ય પ્રકાશ પ્રગટે છે.

કોણ આપણને માર્ગદર્શન આપશે તેની આપણે ચિંતા ન કરવી જોઈએ. મહત્ત્વનો સવાલ એ છે કે હું માર્ગદર્શન પામવા માટે તૈયાર છું ? ઈસુના કેવળ બાર શિષ્યો હતા. તેમણે મદદ ઘણાને કરી, પણ ગુપ્ત જ્ઞાન તો માત્ર જે થોડાક તૈયાર હતા, તેમને જ આપ્યું. પર્વત પર તેમણે જે ઉપદેશ આપ્યો હતો તેને થોડાક જ લોકો સમજ્યા છે. જેઓએ માર્ગ પર પગ માંડ્યા નથી, તેઓ સમજતા નથી કે માણસે શા માટે નમ્ર અને અકિંચન બનવું જોઈએ.

ગુરુની શિક્ષણપદ્ધતિ વિવિધ પ્રકારની અને ક્યારેક ગૂઢ હોય છે. તે વાણી અને કર્મ દ્વારા શીખવે છે, પણ કેટલીક વાર તે કોઈ પણ શાબ્દિક વ્યવહાર વિના પણ જ્ઞાન આપતા હોય છે. મને ઘણી વાર લાગ્યું છે કે સૌથી મહત્ત્વના ઉપદેશનું મૂળ અંત:પ્રજ્ઞામાં રહેલું હોય છે અને તે શાબ્દિક વ્યવહારની ગુંજાશથી પર હોય છે.

દુનિયામાં તમારું જે કાંઈ કર્તવ્ય હોય તે પ્રેમપૂર્વક બજાવવું જોઈએ. જ્ઞાનના પંથે એ જ બાબત તમને આગળ વધારવામાં મહત્ત્વનો ફાળો આપે છે. કોઈના માર્ગદર્શન અને સહાયની તમને જરૂર છે જ. અંદરના ગુરુને પ્રાપ્ત કરવાના સાધન તરીકે પણ તમને બહારના ગુરુની જરૂર હોય છે. ક્યારેક આપણે બહુ અહંકારમાં આવીને નક્કી કરી બેસીએ છીએ કે મને કોઈ ગુરુની જરૂર નથી. આ આપણો અહંકાર બોલે છે. એને વશમાં લેવો જોઈએ.

તમે સારા વિદ્યાર્થી હશો તો તમને કદી કોઈ ખરાબ ગુરુ નહિ મળે. પણ આથી ઊલટું પણ સાચું છે. તમે ખરાબ વિદ્યાર્થી હશો તો તમને કદી સારા ગુરુ નહિ મળે. તમે ગુરુની શોધમાં હો, તો પહેલા તમારી ભીતર શોધ કરો, યોગી બનવું એટલે તમારી અહીં અને અત્યારે શી સ્થિતિ છે તે જાણવું, તમારી પોતાની જાત પર કામ કરવું. ગુરુ ન હોય તો તે વિશે ફરિયાદ કરતા નહિ. તમારી જાતને પૂછો કે એ માટે તમે લાયક છો? એક ગુરુને આકર્ષવાની તમારામાં શક્તિ છે ?

તમારી શક્તિ વધારો, જાતની શુદ્ધિ કરો. અંદર મૃદુ સામર્થ્ય મેળવો. ઈશ્વર આવીને કહે: 'તું એક જીવંત મંદિર છે અને હું એમાં પ્રવેશ કરવા ઈચ્છું છું.' એવી સ્થિતિ માટે તમારી જાતને તૈયાર કરો. અશુદ્ધિઓ દૂર કરો અને તમને જણાશે કે જે કોઈ પરમ સત્ય જાણવા ઈચ્છે છે, તે પોતે જ પરમ સત્યનો મૂલ સ્રોત છે.

મેં જાણેલા બધા જ સંપ્રદાયોના અને સાધુઓ અને ગુરુઓમાંથી બહુ થોડાને જ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું છે. એક વખત મારા ગુરુ સમક્ષ મે આ વાત ઉપાડી હતી. મે કહ્યું: 'મહારાજ, આટલા બધા લોકો સાધુસંન્યાસી કહેવાય છે. દુનિયાના લોકો એથી છેતરાય છે. જે લોકો હજુ ગુરુ થવા માટે પાત્ર નથી, જેઓ પોતે જ હજુ શિષ્ય હોવા જોઈએ, એવા અધૂરા લોકો આટલી મોટી સંખ્યામાં ગુરુ તરીકે કેમ છે ?'

તે હસ્યા, કહ્યું: 'તને ખબર છે, ફૂલબાગ ફરતી ઘણી વાર તેના રક્ષણ માટે વાડ હોય છે ? આવા લોકો આપણે માટે ભગવાને રચેલી વાડ સમાન છે. ભલેને તેઓ ડોળ કરે. એક દિવસ ખરેખર તે લોકો પણ પૂર્ણ જ્ઞાન પામશે. અત્યારે તો એ લોકો પોતાની જાતને છેતરી રહ્યા છે.'

તમારે ખરેખર સાચા અને જ્ઞાની ગુરુ જોઈતા હોય તો પહેલાં તમારી જાતને જ તૈયાર કરવી પડશે. પછી તમે વાડમાંથી પસાર થઈ શકશો.

**- મકરંદ દવે, સૌ. ગુજરાત સમાચાર.**

# સંત કવિયત્રી ભૂરીબાઈ

ભૂરીબાઈનો જન્મ સંવત ૧૯૪૯ના અષાઢ સૂદ ચૌદશને દિવસે થયો હતો. એના પિતાજીનું નામ રૂપાજી સુથાર અને માતાજીનું નામ કેસરબાઈ હતું. ભૂરીબાઈ શિશુ અવસ્થાથી જ દયાળુ અને ધર્મપ્રિય હતા. સંવત ૧૯૫૬માં ભયંકર દુકાળ પડ્યો ત્યારે શિશુ ભૂરીબાઈ પાડોશીઓના ભૂખ્યા છોકરાઓને ઘરમાં કાંઈ રાંધ્યું હોય તે ખવડાવી દેતા હતા. ભૂરીબાઈ તેર વર્ષના થયા ત્યારે એના લગ્ન નાથદ્વારાના એક શ્રીમંત ચિત્રકાર ફતહલાલજી સુથાર સાથે કરી દેવામાં આવ્યા. એ વખતે પતિની ઉંમર ૪૩ વર્ષની હતી. લગ્ન પછી થયું એવું કે બીજવર ફતહલાલજીને શ્વાસનો રોગ લાગુ પડી ગયો. પતિની બીમારી લગભગ અસાધ્ય જેવી બની ગઈ, એનાથી યુવાન ભૂરીબાઈ ખિન્ન થઈ ગયા. એક દિવસ ભૂરીબાઈ એના પિયર સરદારગઢ ગયા ત્યાં એને એક મુસલમાન યોગિની નૂરીબાઈનો પરિચય થયો. નૂરીબાઈએ યુવાન ભૂરીને એની ઉદાસીનું કારણ પૂછ્યું ત્યારે ભૂરીબાઈએ એના પતિની અસાધ્ય બીમારીની વાત કરી. નૂરીબાઈએ થોડોક વિચાર કરીને ભૂરીબાઈને કહ્યું કે ''જેવી ઈશ્વરઈચ્છા હશે તેમ થશે. પતિની સેવા કરવામાં તું કોઈ કસર રાખતી નહી, પણ એક વાતનું ધ્યાન રાખજે કે તને સંતાન ન થવું જોઈએ.'' આ મુલાકાત પછી ભૂરીબાઈ ફરી પાછા પતિસેવામાં લાગી ગયા. પછી રોગ એટલો વધી ગયો કે પતિ ફતહલાલજીનું અવસાન થયું. પતિનું મૃત્યુ થયું એ વખતે ભૂરીબાઈની ઉંમર ૨૬ વર્ષની હતી. ભૂરીબાઈનો નેચર એવો હતો કે તે બધાને આપવાનું જ સમજતા હતા. પોતાના ઘરની બધી સંપત્તિ એણે જરૂરિયાતમંદોને વહેંચી દીધી. ભૂરીબાઈ કોઈને કાંઈ આપતા ત્યારે કહેતા કે ઘરની સાફસફાઈ કરું છું. પછી તો ભૂરીબાઈએ એનું જીવન ઈશ્વરને સમર્પિત કરી દીધું. પછી ભૂરીબાઈના હૃદયમાં જે વાણી પ્રગટી એમાં સહજ માર્ગની યાત્રાનો સંકેત છે. એમાં સંપ્રદાયની મર્યાદા નથી. ભૂરીબાઈ લખે છે: ''ચૂપ સાધન ચૂપ સાધ્ય હૈ, ચૂપ ચૂપ માહિ સમાય. ચુપ સમઝરિયા હી સમઝ હૈ, સમઝ્યા ચૂપ હૈ જાય.'' તમે જુઓ કે અહીં વાણીનો નિષેધ છે. સાધન પણ ચૂપ છે અને સાધ્ય પણ ચૂપ છે. આ ચૂપકીદીને જ સમજવા જેવી છે. ચૂપ તો સમજી ગયેલાઓની જ સમજ છે. સમજી ગયેલા ચૂપ થઈ જાય છે. જુદા જુદા સાંપ્રદાયિક વાડાઓ અને ઢોંગી સંત મહંતો ઉપર વેધક કટાક્ષ કરતું ભૂરીબાઈનું આ પદ જુઓ: માઁડ દુકાનો બૈઠિયા, કેવળ મોલ બતાય. વસ્તુ બતાવૈ હી નહીં, સકલ જગત ભરમાય'' અર્થાત્ આ લોકો બજારમાં દુકાનો ખોલીને બેસી ગયા છે. (અહીં દુકાનનો અર્થ મત, સંપ્રદાય, મઠ, આશ્રમ અને સંઘ) કોઈ વસ્તુ તો બતાવતા નથી. ફક્ત કિંમત બતાવે છે. ભૂરીબાઈનો આ કેવડો મોટો કટાક્ષ છે. દુકાનદાર જ એવો છે કે જે માલ બતાવ્યા વિના જ એની કિંમત બતાવ્યા કરે છે. અહીં ''ભાવ'' નથી પણ ભાવતાલ છે. ભૂરીબાઈની આ પંક્તિઓ જુઓ: ''આપા શાસ્ર બણાઈયા, નહીં આપોને શાસ્ર'' અર્થાત્ ''શાસ્રો આપણે બનાવ્યા છે, શાસ્રોએ આપણને બનાવ્યા નથી.'' એક દોહરામાં ભૂરીબાઈ બહુ સૂક્ષ્મ વાત અત્યંત સાદા શબ્દોમાં વ્યક્ત કરે છે: ''કોઈ બંધ્યો હીજની, તો છૂટે ફિર કાહિ?'' બંધ મોક્ષકી કલ્પના સબ હૈ પ્રકૃતિ માઁહિ'' અર્થાત્ ''કોઈ બંધાયો જ નથી પછી છૂટે ક્યાંથી? બંધન મોક્ષની કલ્પના પ્રકૃતિમાં જ છે.'' ભૂરીબાઈ એક અદ્‌ભુત કાવ્યપંક્તિમાં કહે છે: ''દુજાને મારો જદિ શાસ્ર નરા હી ચાય. પણ ખુદને તો મારવા, સુઈ હી સર જાય'' અર્થાત્ ''બીજાને મારવા માટે અનેક પ્રકારના શસ્રો જોઈએ. પણ ખુદને મારવા માટે તો એક સોય જ પર્યાપ્ત છે!'' ભૂરીબાઈનું આ બીજું પદ જુઓ: ''મગરો ભાટાને થયા, હેર પિરતો હોય, મ્હૂં ભાટો રો હીજ હું યૂઁની લેવે જોય'' અર્થાત્ ''પર્વત પથ્થરને શોધે છે. પણ પોતે એ નથી જાણતો કે ખુદ પોતે જ પથ્થરનો બનેલો છે.'' એક પરમ સત્યને ભૂરીબાઈ કેટલી સાહજિક વાણીથી ઉજાગર કરે છે તે જુઓ: ''પાંચ પચીસ કઈ જ ની, સગલા ઈ અનુમાન. ક્યૂ હૈઓ જદ અણાને ત્રણ ગણને હૈરાન.'' અર્થાત્ ''કોઈ પાંચ તત્ત્વ કહે છે, કોઈ પચીસ તત્ત્વ કહે છે તો વળી કોઈ ત્રણ તત્ત્વ જ ગણાવે છે. આ બધા માત્ર અનુમાન જ છે: તમે એને વારંવાર ગણો છો શું કામ?'' પોથી પંડિતો ઉપર ભૂરીબાઈનો આ કેવો વેધક કટાક્ષ છે! આધ્યત્મિકના નામે રોજે રોજ વ્યાખ્યાનો ઠોકતા અત્યંત વાચાળ માનવો ઉપર વેધક કટાક્ષ કરતા ભૂરીબાઈ લખે છે: ''તપસે નહીં સો તપ્પ હૈ, જપે નહીં સો જપ્પ. બોલે ની સો સત્ય હૈ, જો બોલે સો ગપ.'' અર્થાત્ તપતા નથી એ જ તપ છે જપતા નથી એજ જપ છે બોલતા નથી એ જ સત્ય છે. જે બોલે છે તે ગપ્પાં મારે છે. ભૂરીબાઈનું આ દર્શન જબરદસ્ત છે. વ્યર્થ બુદ્ધિવાદ અને વિતંડાવાદ સામે ભૂરીબાઈ હૈયા સોંસરવી ઊતરી જાય એવી વાણીમાં કહે છે: ''સુખા પાન જયૂઁ ઉડૈ, અઠી અઠી નિષ્ણાજ, અણી તરે સૂઁ સમઝલે સબ પ્રપંચ રો સાજ'' અર્થાત્ આ બધા એવા છે કે તેઓ સૂકા પાંદડાની જેમ અહીં તહી ઊડી રહ્યા છે. આમાં કોઈ કારણ જ નથી.'' ભૂરીબાઈમાં આધ્યાત્મિકતાનો ગામગોકીરો નથી પણ શાંત કોલાહલ છે.

**પ્રેષક: ધીરૂભાઈ જોગિયા, માલસર**

**- લે. અનિલ જોશી, સૌ. મુંબઈ સમાચાર માંથી**

# આપણે રાઈટ કે લેફ્ટ નથી આપણે તો આર્ય છીએ

એકવાર એક રસ્તે ચાલતા માણસે ફૂટપાથ પર બેઠેલા બે અનાથ છોકરાઓને તેમના બાપ પર ગાળ દીધી. એટલે એક છોકરાએ તે માણસ સાથે સામસામી ગાળો બોલવાનું અને ઝઘડવાનું શરૂ કરી દીધું. પણ બીજા છોકરાએ કહ્યું, 'હશે! મારો બાપ એવો જ હશે.' એમ કહીને તેણે પોતે જ પોતાના બાપને બે ગાળ આપી દીધી. હકીકત એ હતી કે બેમાંથી એકે ય છોકરાને તેમનો બાપ કોણ છે એ ખબર નહોતી. પણ છતાં ય એક માટે તેનો બાપ અહમ્‌નો વિષય હતો એટલે તેણે ઝઘડો શરૂ કર્યો, જ્યારે બીજાને માટે તેનો બાપ નાસ્તિકતાનો વિષય હતો એટલે એને પોતાના જ બાપને ગાળ બોલવામાં કોઈ વાંધો નહોતો. અહીં પહેલો છોકરો જમણેરી કહેવાશે, જ્યારે બીજો ડાબેરી. માણસ જ્યારે 'હું કોણ છું'એ મૂળ જાણકારી ગુમાવી દે છે ત્યારે કાં તો ડાબેરી બને છે કાં તો જમણેરી. બંને ભટકાવ છે. બંને અજ્ઞાન છે. જ્યાં સુધી મનુષ્ય પોતાની એ બ્રહ્મરૂપી મૂળ ઓળખથી રૂબરૂ નથી થતો ત્યાં સુધી તે આ બે બાજુઓમાં ભટકતો રહે છે. આ બંને માર્ગ પર કોઈ સત્ય કે સફળતા પ્રાપ્ત થતી નથી. તે બંને માર્ગ એક હદથી આગળ જઈ કટ્ટરતા પ્રાપ્ત કરી દે છે અને સત્યને જ હાનિ પહોંચાડે છે.

આપણે ભારતીયો ક્યારેય આવી રાઈટ-લેફ્ટમાં વહેંચાવાવાળી પ્રજાતિ નથી રહ્યા. આપણે આર્ય છીએ. ભારતની આર્ય સંસ્કૃતિમાં મનુષ્યનું જીવન 'હું કોણ છું?' એ સત્યનો સાક્ષાત્કાર કરવાના કાર્યથી જ શરૂ થતું. આ રીતે ભારતીય જ્યારે એ જ્ઞાનથી રૂબરૂ થતો કે, 'હું સમગ્ર સંસારમાં ફેલાયેલું અદ્વૈત બ્રહ્મ છું જે એક આત્મારૂપે આ શરીરમાં અભિવ્યક્તિ કરી રહ્યું છે.' -ત્યારે તે આર્ય કહેવાતો. આર્ય એટલે - 'જે જાગેલો છે તે'. આર્ય મતલબ પ્રબુદ્ધ. આવા પ્રબુદ્ધ આર્યોથી બનેલી આર્ય સંસ્કૃતિ જ ભારતનું સ્વતંત્ર છે જેને આપણે આધુનિક ભારતમાં ગુમાવી ચૂક્યા છીએ. પરિણામે આપણે લેફ્ટ અને રાઈટમાં ભટકી ગયા છીએ અને પોતાનો અહમ્ સાચો સાબિત કરવા અંદરો-અંદર લડી રહ્યા છીએ. આ આખા માર્ગમાં ક્યાંય સત્ય નથી કે શ્રેષ્ઠતા પણ નથી. એ બસ પરતંત્રતા છે.

આર્ય-સંસ્કૃતિનો સનાતન ધર્મ સમગ્ર બ્રહ્માંડના જડ અને ચેતન વસ્તુઓની એકતાને વ્યાખ્યાયિત કરતો હતો. સત્યના સંદેશને જીવી બતાવનાર દરેક મનુષ્યને સનાતન ધર્મમાં બ્રહ્મનો અવતાર કહેવામાં આવતો. અને એ અવતાર તેના દરેક જન્મ વખતે આ વાત કહેતો કે 'ધરતી પર જ્યારે જ્યારે અધર્મ ઉત્થાન પામશે ત્યારે ત્યારે તે સ્થાને હું આવીશ.' નાજરેથમાં પ્રેમ અને એકત્વનો સંદેશ આપનાર ઈસુ હોય કે આરબમાં એક ઈશ્વરનો બોધ આપનાર મોહમ્મદ હોય, ઈરાનીઓના જરથુષ્ટ્ર હોય કે યહૂદી તથા આરબોના અબ્રાહમ અને મોસીસ-તે સનાતન ધર્મના જ બ્રહ્મના અવતારો હતા. ભારતમાં ઋષિઓએ આત્મજ્ઞાનના પ્રતીકરૂપે સૂર્યોદયનો ભગવો રંગ અપનાવ્યો હતો. પણ આરબના રણમાં વસંત ઋતુમાં ખીલતા ખજૂરીનાં લીલાં પાંદડાં જ પ્રકૃતિના ઉદયની નિશાની હતી. આથી ત્યાં પેદા થયેલા પયગંબરને જ્યારે આત્મજ્ઞાન થયું ત્યારે તેમણે તેને અજ્ઞાનની શુષ્કતામાંથી જ્ઞાનની પ્રકૃતિ ખીલવાનું પ્રતીક માની લીલા રંગનાં કપડાં ધારણ કર્યા. આમ, પૃથ્વી પરના એક સ્થાને જે આત્મજ્ઞાનનો પ્રતીક ભગવો રંગ છે એ જ આત્મજ્ઞાનનો પ્રતીક પૃથ્વી પરના એક બીજા સ્થાને લીલો રંગ છે. આપણે જો પૃથ્વી પર આત્મજ્ઞાનના પ્રતીક એવા દરેક રંગ અને પ્રતીકને પોતાનું માનીશું તો આપણા સ્વ-તંત્ર એવા સનાતન ધર્મના પ્રતિનિધિ બનીશું. આમ, આપણે જગતના એ ભિન્ન ભિન્ન ધર્મોને તેમના જ્ઞાનના પ્રતીક એવા રંગો સાથે પોતાનામાં સમાવી લેવાના છે.

આપણા સ્વતંત્રમાં કોઈ પણ સંપ્રદાયના માર્ગે સત્ય સુધી પહોંચવાની કોશિશ કરતો દરેક મનુષ્ય સમાન છે. આપણું સ્વતંત્ર સત્યપ્રાપ્તિને મનુષ્ય જીવનનું લક્ષ્ય માને છે, સત્તાને નહી. આથી આપણા સ્વતંત્રમાં દરેક મનુષ્યનો દરેક સંપ્રદાય પર સમાન અધિકાર છે. પણ ધર્માંતરણોના માર્ગે ખાલી નામ, દેખાવ અને ગણવેશ બદલીને સંપ્રદાયના નામે સત્તા ઊભી કરવાનો સખ્ત વિરોધ છે. આપણું સ્વતંત્ર માનવજાતિને તેની મુક્તિના માર્ગે ધકેલતી એક એવી સંતુલિત વ્યવસ્થા છે જેનું મુખ્ય સાધન તેની અધ્યાત્મ પ્રેરિત શિક્ષણવ્યવસ્થા છે. બાળપણથી જ મનુષ્યને અસ્તિત્વનું ધ્યેય સમજાવતી એ શિક્ષણ વ્યવસ્થા પુનઃ શરૂ કર્યા સિવાય આપણું એ સ્વતંત્ર પાછું ફરી શકે તેમ નથી. આથી, આપણે તમામ સંપ્રદાયોમાંથી ક્રિયાકાંડોને અલગ કરી તેમના અસ્તિત્વ વિશેના તત્ત્વજ્ઞાનને એકસૂત્રતામાં બાંધવાનું છે અને તેને પહેલા ધોરણથી જ તત્ત્વજ્ઞાનના વિષયરૂપે શિક્ષણ વ્યવસ્થામાં સામેલ કરવાનું છે. આ રીતે આપણે મોગલો અને અંગ્રેજોના પરતંત્રમાંથી બહાર નીકળી આપણા આર્ય-સંસ્કૃતિના સ્વતંત્રમાં પાછું ફરવાનું છે. જ્યાં દરેક સંપ્રદાયને સત્યના માર્ગે આગળ વધવાનો સમાન અવસર આપવામાં આવે છે અને ધાર્મિક બહુમતીના માર્ગે દુનિયા પર આધિપત્ય સ્થાપવાના ધર્માંતરણોના માર્ગને બંધ કરી દેવામાં આવે છે.

**- લે. ડૉ. કૌશિક ચૌધરી, સૌ. ગુ. સમાચાર, ૫.૨.૧૭**

## આજની શિક્ષણપ્રથા

હાલની શિક્ષણની કથળેલી સ્થિતિ માટે મા-બાપને દોષિત ન ગણાવી શકાય. છેક બાલવાડીથી લઈને કૉલેજ યુનિવર્સિટીની ખોટી જ્ઞાન-તરાહ આ માટે કારણભૂત છે. ડિગ્રી અને નોકરીલક્ષી શિક્ષણ બદલ્યે જ છૂટકો છે, તેને જીવનલક્ષી શિક્ષણ બનાવવાનું છે. ઘેટાંની જેમ ૩૦-૪૦ બાળકો ચાર દીવાલરૂપી વાડામાં પુરાઈ રહે, બેં-બેં કરે, લખ-લખ કરે, ઊંધું ઘાલીને ચોપડીમાં માથું ઘાલી રાખે અને પછી પરીક્ષાઓમાં ચોરી કરે, સવારથી સાંજ સુધી શાળા-ટ્યૂશન-પરીક્ષાના ચક્કરમાં પિલાયા કરે, ઘરકામ છૂટે, ખેતરકામ છૂટે, વન-વગડાનું ભ્રમણ છૂટે, ભણ્યા પછી નોકરી ન મળે. બેકાર રખડે, કેટકેટલો સમય-નાણાંનો વેડફાટ! આવું જીવનવિમુખ ભણતર જ ઘેટાંશાહી જેમ ચાલ્યા કરે છે, બહુ જ ભયંકર છે આ શિક્ષણપ્રથા.

ગાંધી-વિનોબાજીએ ચીંધેલી નઈતાલીમના રસ્તે આગળ વધીએ તો તેમાં કેટલો દમ છે, કેટકેટલી શક્યતાઓ સમાયેલી છે તે મને તો અનુભવે સમજાયું છે, શિક્ષણ એ જ્ઞાનયાત્રા છે, જીવનયાત્રા છે, કર્મ સાધના છે, આનંદયાત્રા છે. જીવનથી, પરિવારથી, કુદરતથી વિખૂટી પાડી દઈને શાળા-કૉલેજ, કચેરી-કારખાનાની નોકરી પૂરતી જ મર્યાદિત કરીને આપણે કેવી મૂર્ખામી નોતરી છે ?

ગામડાંમાં ફરીથી આપણે જીવનલક્ષી શિક્ષણની આનંદયાત્રા ખડી કરવાનું વિચારીએ, સર્વોદયગ્રામની નવતર ઘરશાળા અને ગ્રામશાળા શરૂ કરીએ.

આપણે ત્યાં જીવનધોરણ ઊંચે લાવવાની જરૂર છે તેમ ચારિત્ર્યને પણ ઊંચે લાવવાની જરૂર છે. અને પરસ્પરમાં સહયોગ વધારવાની પણ જરૂર છે. આ ત્રણેય કામો ઘરશાળા અને ગ્રામશાળા સાથે વણાવવાં જોઈએ.

**- મહેન્દ્ર ભટ્ટ, સૌ. ભૂમિપુત્ર**

## એક અનોખા લગ્ન

ભારતીય સમાજમાં લગ્નનો પ્રસંગ ખર્ચાળ હોય છે. એટલે અંગ્રેજીમાં એને Indian Big Fat Wedding કહેવાય છે. માણસો લગ્ન અને તેની સાથે થતા મહેંદી, સંગીત સંધ્યા જેવા પ્રસંગો પાછળ લાખો રૂપિયા ખર્ચે છે. પણ અમરાવતીના શ્રી અભય દેવારે અને પ્રીતિ કુંભારે તેમના લગ્ન સમારંભ સાદગીથી ઉજવવાનું નક્કી કર્યું.

તેમણે જે ખેડૂતોએ આપઘાત કર્યો હતો તેવા ખેડૂતોના કુટુમ્બીજનો માટે રૂા.બે લાખ જેવી માતબર રકમનું દાન કર્યુ. ઉપરાંત અમરાવતીની ૫ લાયબ્રેરીને ૫૨૦૦૦ રૂા. ના પુસ્તકો આપ્યા તેમણે જાણીતા સમાજ સેવકને કાર્યક્રમ દરમ્યાન ભાષણ આપવા નિમંત્રીત કર્યા.

ભારતમાં સમાજના દબાણથી આર્થિક રીતે પોષાતુ ન હોય તો પણ લોકો (ખાસ કરીને ખેડૂતો) લગ્નમાં ગજા બહારનું ખર્ચ કરે છે, તે માટે દેવુ કરે છે અને જ્યારે દુષ્કાળ કે બીજા કોઈ કારણસર તેમના ખેતની ઉપજ ઓછી ઉપજે છે અથવા તેના ભાવ ઓછા મળે છે ત્યારે દેવાના ડુંગર નીચે દબાયેલ ખેડૂત આત્મહત્યા કરે છે. આવા સમયે અભય-પ્રીતિએ લીધેલ પગલુ ખરેખર પ્રશંસનીય છે.

- લિ. શાંતિલાલ ગડા

## મૂલ્યાંકન વિવેકબુદ્ધિથી કરીએ

ભગવાન બુદ્ધના જીવનનો આ પ્રસંગ છે. એક વખત એ મગધના પ્રવાસ પર હતા. જ્યાં જાય ત્યાં દરરોજ બુદ્ધનાં વ્યાખ્યાન થતાં હતાં. નગરશેઠનો પુત્ર પણ બુદ્ધનાં વ્યાખ્યાન ધ્યાનથી સાંભળતો. એક દિવસ આવું જ એક વ્યાખ્યાન પૂરું થયું ત્યારે એણે એક શિષ્યને કહીને બુદ્ધને રૂબરૂ મળવાની ઈચ્છા વ્યક્ત કરી. બુદ્ધે અનુમતિ આપતાં એણે બુદ્ધને સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું: 'હે ભગવંત, આપનાં અગાધ જ્ઞાન અને ડહાપણથી હું અત્યંત પ્રભાવિત થયો છું. આપની જેવી તપસ્વી અને જ્ઞાની વ્યક્તિ અગાઉ ક્યારેય થઈ નથી ને ભવિષ્યમાં થશે પણ નહીં...' આટલું સાંભળતાં જ બુદ્ધે એને અટકાવતાં કહ્યું: 'વત્સ, શું તું જાણે છે કે અત્યાર સુધીમાં કેટલા સંત-મહાત્મા-જ્ઞાનીઓ થઈ ગયા ?' પેલો કહે : 'ના, ભગવંત.'

બુદ્ધે પૂછ્યું: 'શું તું ભવિષ્ય પણ જાણે છે કે હવે આ પૃથ્વી પર કોઈ સંત-મહાત્મા-જ્ઞાની નહીં થાય ?' ''ના''

બુદ્ધ કહે : 'તમારી આંખો હંમેશા ખુલ્લી રાખો. જે જેવું છે એને એવું જ મહત્ત્વ આપો. કોઈની સાથે એની તુલના ન કરો.' અહો ભાવ કે ધિક્કાર એવા બે અંતિમ પર જ પોતાનો પ્રતિસાદ આપતી આપણી પ્રજા માટે આ કથાનો સુંદર બોધપાઠ એ છે કે શ્રેષ્ઠતાને કોઈ વ્યક્તિ, સમય કે સ્થાનની મર્યાદામાં બાંધી શકાય નહીં અને કોઈનું પણ મૂલ્યાંકન વિવેકબુદ્ધિ વાપરીને કરવું જોઈએ.

**- રાજુ અંધારિયા, સૌ. ચિત્રલેખા**

---

ભારત વિશ્વશાંતિનો પાઠ કર્યા કરશે ને આત્મરક્ષણ માટે તૈયાર નહીં થાય તો ઘરની શાંતિ ય જતી રહેશે. આ વિશ્વની સંચાલકશક્તિ દયામયી, પ્રેમમયી છે એટલી જ કરાલ-ધ્વંસકારિણી છે. અને એને ગળે, સૂતરની આંટીઓ ચડાવવાથી જ એ રાજી થતી નથી. ભયંકર રણમેદાનમાં એ ખપ્પરથી ખેલે છે એ પણ એટલી જ સાચી વાત છે.

**- મકરંદ દવે**

**અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...**

મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો. રાત્રે ભગવાન પોતાનું સ્થાન ગ્રહણ કરવા આવ્યા. તેણે રઘુને પૂછ્યું: કેમ, કેવો રહ્યો અનુભવ? રઘુએ કબૂલ કર્યું, 'ભગવાન, તમારું સ્થાન લેવું ખરેખર સહેલું નથી, પણ એક વાતનો સંતોષ છે કે દિવસ દરમિયાન એક સારું કામ તો મેં કર્યું જ.' આમ કહી રઘુએ આખી ઘટના કહી. રઘુને એમ કે આ વાત સાંભળ્યા બાદ ભગવાન તેના પર ખુશ થશે, પણ તેને બદલે તેમણે પોતાની નારાજગી દર્શાવી. ભગવાને કહ્યું: 'મેં તને મારી યોજનાને વળગી રહેવા કહ્યું હતું અને એક પણ શબ્દ ન બોલવાનું કહેવા છતાં તે કેમ મૌન તોડ્યું? શું તને મારામાં વિશ્વાસ નથી? શું મને અહીં આવતા દરેકના મનની વાતોનો અંદાજ નથી? પેલા ધનિકે મૂકેલા દાનના પૈસા તેની કાળી કમાઈનો અંશ હતો અને મારી પાસે બદલામાં અઢળક ધનની આશા રાખતો હતો. પેલા ગરીબ ઈસમે તેની છેલ્લી બચત મને ધરી હતી એ વિશ્વાસથી કે હું તેનું દુ:ખ દૂર કરીશ. વળી તે આકસ્મિક ધનપ્રાપ્તિને કારણે મારા પ્રત્યે વધુ ભાવુક થઈને વધુ ભક્તિ કરત. ભલે પેલા ટ્રક ડાઈવરે કંઈ ખોટું નથી કર્યું, પણ જો તે આજે બહારગામ જવા નીકળત તો રસ્તામાં અકસ્માતનો યોગ હતો. ચોરીના આરોપસર તેને જેલવાસ થાત તો તે અકસ્માતમાંથી બચી જાત... અને તેને જેલમાંથી છોડાવવાનું કામ તો હું સંભાળી જ લેત. મારી આ યોજનાને કારણે ગરીબની આર્થિક પરિસ્થિતિ સુધરત, ધનિકનાં પાપકર્મ ઓછા થાત અને ટ્રક ડ્રાઈવરની જિંદગી પણ બચી જાત, પણ તેં વગર વિચાર્યે વર્તન કરીને બધા ઉપર પાણી ફેરવી નાખ્યું...' - **''ડાયલૉગ અવસર'' માંથી સાભાર, સંપાદક- દિનેશ કાનાણી**

---

**એક પાસેથી લઈને બીજાને આપવું એ આદર્શ દાન નથી. પોતાની આવશ્યકતાઓ ઓછી કરી તેમાંથી બીજાને આપવું એ આદર્શ દાન છે.**

આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય
ડૉ. ચંદ્રકાંત કે. વોરા,
સેવા રૂરલ હોસ્પિટલ, ઝઘડિયા
તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

## સંસાર સે ભાગે ફિરતે હો...

**સંસાર સે ભાગે ફિરતે હો,**
**ભગવાન કો તુમ ક્યા પાઓગે**
**ઈસ લોક કો ભી અપના ન સકે,**
**ઉસ લોક મેં ભી પછતાઓગે....સંસાર સે ભાગે ફિરતે હો,**
**યહ પાપ હૈ ક્યા, યે પુણ્ય હૈ ક્યા,**
**રીતોં પર ધન કી મોહરેં હૈં...**
**હર યુગ મેં બદલતે ધર્મોં કો,**
**કૈસે આદર્શ બનાઓગે......સંસાર સે ભાગે ફિરતે હો,**
**યહ ભોગ ભી એક તપસ્યા હૈ,**
**તુમ ત્યાગ કે મારે ક્યા જાનો,**
**અપમાન રચયિતા કા હોગા,**
**રચના કો અગર ઠુકરાઓગે,....સંસાર સે ભાગે ફિરતે હો,**
**હમ કહતે હૈં યહ જગ અપના હૈ,**
**તુમ કહેતે હો જૂઠા સપના હૈ**
**હમ જન્મ બિતાકર જાયેંગે,**
**તુમ જન્મ ગવાંકર જાઓગે, .....સંસાર સે ભાગે ફિરતે હો.**
**- ગીતકાર : સાહિર લુધિયાનવી, ફિલ્મ : ચિત્રલેખા**

## વિશ્વની પ્રથમ અને એક માત્ર લઘુકથા

'એ સાંભળો છો? જીવણલાલ ગુજરી ગયા.' 'હેં? જીવણલાલ જીવતા'તા?'

**- લેખક : ઈશ્વર પરમાર**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. સોનાલીબેન | - ગ્રાંટ રોડ | ૩૦૦/- |
| ૨. ધીરૂભાઈ હેમાણી | - કાંદિવલી | ૫૦૦/- |
| ૩. રજનીકાંત શ્રોફ | - ચિંચણી | ૫૦૦/- |
| ૪. મીનાબેન પારેખ | - અંધેરી | ૨૦૦/- |
| ૫. સુરેશભાઈ ગાંધી | - ઘાટકોપર | ૩૦૦/- |
| ૬. શ્રીમદ્ રાજચંદ્ર પુ. શાળા | - ખંભાત | ૧૦૦/- |
| ૭. હર્ષદ દડિયા | - મુંબઈ | ૫૦૦/- |
| ૮. બિંદુ શાહ | - ઘાટકોપર | ૨૦૦/- |
| ૯. હિરજી દેવજી નિશર | - દેવપુર, કચ્છ | ૧૦૦/- |

**નોંધ:** **આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## બોધકથા
## ભગવાનની યોજના

મંદિરની સાફસફાઈ કરતા કરતા રઘુને લાગ્યું કે આ મારો ભગવાન ખડેપગે રાત દિવસ ઊભો રહે છે, તો શું તેને થાક નહીં લાગતો હોય? કંટાળો નહીં આવતો હોય? લાવ, હું તેને પૂછું. પણ પછી એને ખયાલ આવ્યો કે આ તો મૂર્તિ છે, તે શું બોલવાની?

તેમ છતાંય એક દિવસ તેણે બોલી નાખ્યું અને તેના આશ્ચર્ય વચ્ચે સામેથી જવાબ આવ્યો: ‘આજ સુધી કોઈએ તારા જેવો વિચાર કર્યો નથી. તારી વાત સાચી છે. મને પણ આરામની જરૂર છે. ફક્ત એક દિવસ પણ કોઈ મારી જગ્યાએ ઊભું રહે તો મારા માટે બસ છે!’ ભગવાને જવાબ આપ્યો તેથી રઘુ રોમાંચિત થઈ ગયો અને એક દિવસ માટે મૂર્તિની જગ્યાએ ઊભા રહેવા માટે તૈયાર થયો. ભગવાને કહ્યું, ‘હું તને મારું રૂપ આપી દઈશ કે જેથી તું મારી જગ્યાએ નિશ્ચિંત ઊભો રહી શકે... પણ પછી તારે મારી જેમ હસતે મુખે ઊભા રહેવાનું, લોકોને વરદાન આપવાનાં, પણ આ બધું મૌન ધારણ કરીને. તું ભગવાન બને એનો વાંધો નથી પણ તું મારી યોજનામાં દખલ નહીં કરતો, કારણ કે દરેક માટે મેં જે યોજના કરી હોય છે તે તેના ભલા માટે હોય છે.’ બીજે દિવસે રઘુએ ભગવાનનું સ્થાન લીધું. થોડીવારે એક શ્રીમંત ત્યાં આવ્યો અને સારી એવી ભેટની રકમ પ્રભુનાં ચરણમાં ધરી પોતાનો વ્યાપાર ફળેફૂલે તેવા આશીર્વાદ માગ્યા. જતા જતા તેનું પૈસાથી ભરેલું પાકિટ નીચે પડી ગયું. રઘુ તો ભગવાનના સ્થાને હતો એટલે તેનાથી ચૂપ રહ્યા સિવાય છૂટકો ન હતો. તે જ વખતે એક ગરીબ જણાતો ઈસમ આવી પહોંચ્યો. પોતાના ખમીસના ગજવામાંથી પચાસ પૈસાનો સિક્કો ગલ્લામાં નાખતાં નાખતાં તે બોલ્યો: હે પ્રભુ તારા ભરોસે જીવી રહ્યો છું પણ કુટુંબને પોષવાના સાંસા છે. હવે તારા પર જ બધો મદાર છે, આટલું કહી પાછા જવા ફર્યો તો તેની નજર પેલા ધનિકના પાકિટ પર પડી. આજુબાજુ કોઈ જોતું નથી તે ચકાસીને આસ્તેથી તેણે પાકિટ ઉઠાવી લીધું. પછી પ્રભુને કહ્યું, ‘વાહ, તારી ગતિ ન્યારી છે. આટલો જલદી તું પ્રસન્ન થશે તે નહોતું ધાર્યું!’ આમ બોલીને તે ચાલી ગયો. રઘુને તો મૌન ધારણ કરી હસતું મુખ રાખવું જ રહ્યું. થોડીવારે એક ટ્રક ડ્રાઈવર આવ્યો અને હજી તે પોતાની પ્રાર્થના પૂરી કરે ત્યાં પેલો ધનિક માણસ પોલિસને લઈને આવ્યો. ‘આ ટ્રક ડ્રાઈવરે જ મારું પાકિટ ચોર્યું હશે’ કહી તેનું કંઈ સાંભળ્યા વગર તેને પકડાવી દીધો. સાચી બીના જાણતો હોવા છતાં રઘુથી કશું થાય એમ ન હોવાથી તે અકળાઈ ગયો. ભગવાનને સંબોધીને પેલો ડ્રાઈવર બોલ્યો: હું નિર્દોષ છું છતાં તેં મારી સાથે આવું કર્યું પ્રભુ? આ બાજુ ‘ચોર’ જલદી પકડાઈ ગયો તેથી ધનિકે ભગવાનનો આભાર માન્યો!

હવે રઘુથી ન રહેવાયું. તેને લાગ્યું કે સાચા ભગવાન પણ આ જોઈને ચૂપ ન રહેત અને હકીકત બહાર લાવીને જ રહેત. આથી રઘુથી બોલાઈ ગયું: ‘સાચો ચોર તો પેલો ગરીબ માણસ છે, જે હમણાં અહીંથી ગયો. આ ટ્રક ડ્રાઈવર તો નિર્દોષ છે!’ આ સાંભળી પોલીસે તેને છોડી દીધો અને થોડે દૂર પહોંચેલા પેલા ગરીબને બૂમ મારી તેની પાસેથી પાકીટ પાછું મેળવ્યું. હવે ટ્રક ડ્રાઈવરે ભગવાનનો આભાર માન્યો કે તે મને બચાવ્યો. ધનિકે પણ પૈસા પાછા

**- અનુસંધાન પાના નં.૧૫ પર**

**Post Registration No. MNW/277/2015-17**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત્ત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન,**
**ડી.એસ. નગર, મલાડ (પ.), મુંબઈ- ૪૦૦૦૬૪.**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,